bahu-vatthu ccia kiriyā(?) sama-kāla-paāsanaṁ [u] sahautti |
guru-vīraāe raio, jāai ujjā-alaṁkāro || 85

'Revealing of several things and activities simultaneously constitutes the figure Sahokti. When a figure is composed on the basis of (the theme of) great prowess — that figure is ũrjā.'

sahotti jahā

ṇiddāe samā lajjā, sarīra-sohāe saha gaā kitti |
samaaṁ taha aṇuraaṇī, tīe vaḍḍhaṁti ṇīsāsā || 86

'The illustration of Sahokti :

Her modesty is gone along with sleep; her physical charm is gone along with her fame; and along with the night-time her sighs increase.'

[ujjā jahā]

vīsattho ccia geṇhasu, vairiaṇe vegga-ṇivaḍiaṁ khaggaṁ |
paharaṁte paḍi-paharaṇamuṇa karesu ṇa sāmatthaṁ(?) || 87

'The illustration of ūrjā :

Do take up confidently your sword which falls forcefully on the enemies. By striking him in return who strikes (first) is not true prowess (?)

uvamā jattha ṇiṇhavai ghaḍā(?) sā avaṇṇhuī hoi |
pīīe a aisaeṇaṁ, pemāisao bhaṇeavvo || 88

'Wherein the simile is concealed — that figure is Apahnuti. Wherein extreme love (is expressed) — that figure should be called Premātiśaya.'

avaṇhuī jahā

ṇahu ucca-viḍava-saṁṭhia-pahiṭṭha-kalaaṁṭhi-kala-rava-ppasaro |
suvvai vaṇa-vilasira-pupphacāva-mahuro ravo eso || 89

'The illustration of Apahnuti :

Really, what is heard is not the spreading sweet notes of the joyous cuckoo perched on a lofty branch. This is the sweet twang (of the bow) of the flowery-arrowed one who sports in the park.'

pemāisao jahā

sahasā tuammi diṭṭhe, jo jāo tīa paharisāisao |
so jai puṇo-vi hosai, suṁdara tua daṁsaṇe ccea || 90

'The illustration of Premātiśaya :

The extreme joy which she felt on seeing you all of a sudden, will be again felt, if at all, on seeing only you, O beautiful one !'

riddhī-mahāṇubhāvattaṇehî duviho-vi jāai udatto |
so pariutto gheppai, jattha visiṭṭhaṁ ṇiaṁ dāuṁ || 91

'Two types of Udātta result (through the expression of) prosperousness and high nobility. That is Parivṛtta in which something special is received by giving away something that is one's own.'

riddhi-udātto jahā

tuha ṇara-sehara vipphuria-raaṇa-kiraṇa-ṇiara-ṇāsia-tamāiṁ |
bhiccāṇa-vi dīva-sihā-mailâî ṇa hoṁti bhavaṇāiṁ || 92

'The illustration of Riddhi-udātta :

O crown of men ! The palatial houses even of your servants do not get dirty due to (the soot from) the lamp-flame because there the darkness is expelled by a mass of glittering rays of the jewels.'

mahāṇubhāvatta-jāiudatto jahā

> vellahala-ramaṇi-thaṇahara-paḍipellia-viaḍa-vaccha-pīḍhā-vi |
> ṇa calaṁti mahā-sattā, maaṇassa sire paaṁ dāuṁ || 93

'The illustration of Udātta based on high nobility :

Even when their broad, strong chest is closely pressed by the beautiful breasts of charming girls, the mind of men of great fortitude does not move (become unsteady) - They plant their foot on the head of the God of Love.'

pariatto jahā

> sasimuhi muha-paṁkaa-kaṁṭi-ppaṣaraṇa-kiraṇakkaṁ(?)-vilāseṇa |
> diṭṭhiṁ dāūṇa tao, gahiaî juāṇa-hiaāiṁ || 94

'The illustration of Parivṛtta :

O moon-faced girl, by the playful spread of the rays of your bright lotusface, you give a glance and catch the hearts of young boys in return.'

> davva-kiriā-guṇāṇaṁ pahāṇaā jesu kīrai kaīhiṁ |
> ḍavuuttara-kiriuttara-guṇuttarā te alaṁkārā || 95

'In those statements where the poets assign prominence to either the substance, action or quality, in accordance with that we have there respectively the figures Dravyottara, Kriyottara and Guṇottara.'

davvuttaro jahā

> vara-kari-turaṁga-maṁdira-āṇāara-sevaa-kaṇaa-raaṇāî |
> ciṁtia-mettāiṁ cia, havaṁti deve pasaṇṇammi || 96

'The illustration of Dravyottara :

When the destiny is favourable one can have excellent elephants, horses, house, obedient servants, gold and gems the moment one thinks of them.'

kiriuttaro jahā

> mā ruau mā kisāau, mā jhijjau mā vihiṁ uālahau |
> jā ṇikkiva tuha bahu-vallahassa varaī piḍe paḍiā || 97

'The illustration of Kriyottara :

She should not weep, nor become thinner, nor be reduced, nor blame her fate, she who, poor one, became fond of you, who has many sweethearts.'

guṇuttaro jahā

sasi-somma sarala sajjaṇa, sacca-vaa suhaa sucaria salajja |
diṭṭho si jahiṁ tuaṁ tettāi kahaṇu ṇa ṇariṁda(?) || 98

'The illustration of Guṇottara :

Oh king, as beautiful as the moon, simple, good man, observing the vow of truthfulness, charming, of good character, modest, wherever you are seen.....(?)'

uamāṇaṁ uameaṁ, rūijjai teṇa so sileso-tti |
so uṇa sahotti-uamā-heūhiṁto muṇeavvo || 99

'It is Śleṣa when the Upamāna (standard of comparison) and Upameya (object of comparison) are described in the same words. It should be understood to be (of three types) : Sahokti, Upamā and Hetu.'

Sahotti-sileso jahā

piṇā ghaṇā a dūraṁ samuṇṇaā ṇaha-vivattia-chāā |
mehā thaṇaā-vi tuha, niṭṭhavaṁti taṇhāuro loo || 100

'The illustration of Sahoktiśleṣa :

People troubled by *tṛṣṇā* (1. thirst, 2. yearning) are reassured by the clouds and by your breasts that are plump, dense, rising high and altering the colour of the sky (or having nail marks).'

uvamāsileso jahā

dūrāhiṁ cia ṇajjai ḍhakkā-sadda-ssa sūiaṁ gamaṇaṁ |
lahuia-mahihara-sattāṇumatta-hatthīṇa-va pahūṇa || 101

'The illustration of Upamāśleṣa :

The march of the elephants and kings, which dwarfs the strength (?) of *mahīharas* (1. mountains, 2. other kings), suggested by the sound of the kettledrum, is known even from a long distance.'

heusileso jahā

helā-visavia-ṇaaṇaggaeṇa sama-pecchiāi a jaṇassa |
alia-parammuhaāe bhadda ṇaaṇa-pahe taṁ si || 102

'The illustration of Hetuśleṣa

O simpleton, you are within the range of her vision eventhough she feigns to turn away from you, because she is looking at (all) people with the corner of her eyes in the same manner, to reassure them easily.

> accubbhaḍa-guṇa-saṁthui-vavaesa-vaseṇa savisaā jattha |
> kīrai niṁdāi thuī, sā vavaesa-thuī ṇāmaṁ || 103

'That is called Vyapadeśastuti wherein something is praised through censure with the objective of praising its highly striking qualities.'

vavaesathuī jahā

> akulīṇe paai-jaḍe, akajja-vaṁke jie sasaṁkaṁmi |
> tujjha jaso ṇara-sehara, kijja suaṇā via ṇāmāi || 104

'The illustration of Vyapadeśastuti :

Oh highest among men, by gaining victory over the moon which is *akulīṇa* (1. not in contact with earth, 2. of low lineage), *jaḍa* (1. stupid, 2. inanimate) by nature and *vaṁka* (1. crooked, 2. curved) without reason your fame XX XX XX.'

> guṇa-sarisattaṇa-taṇhāi jattha hiṇassa guruaeṇa samaṁ |
> hoi samakāla-kiriā jā sā samajoiā sāhu || 105

'Where activity of the low takes place at the same time with that of the high with a desire to achieve equality, there occurs the right Samayogitā.'

samayogitā jahā

> ṁaaṇassa paraṁ rajjaṁ kīrai rai-tarala-taruni-ṇivahassa |
> samaāla-calia-maṇi-valaa-mehalā-ṇeura-ravena || 106

'The illustration of Samayogitā :

The sound of the jewelled wristlets, girdle and anklets of the bevy of young girls, restless due to love, installs the supreme rule of Madana.'

> appatthuappasaṁgo, ahiāra-vimukka-vatthuṇo bhaṇaṇaṁ |
> aṇumāṇaṁ liṁgeṇaṁ, liṁgī sāhijjae jattha || 107

'Aprastutaprasaṅga consists in the statement of something outside its domain. Anumāna occurs where the subject of a proposition is inferred by means of evidence.'

appatthuappasaṁgo jahā

sāsukkoeṇa gaā uaha vahuāi suṇṇa-devaulaṁ |
patto dullaha-laṁbho-vi aṇṇa-kajjāgao jāro || 108

'The illustration of Aprastutaprasaṅga :

See, the daughter-in-law went to the deserted temple driven by the wrath of her mother-in-law. There she met her paramour, otherwise difficult to meet, who happened to go there on some other business.'

aṇumāṇaṁ jahā

ṇūṇaṁ tīa vi sūaṁti teṇa saha vilasiaṁ haāseṇa |
naha-paa-pallava-laggaî saaṇijja-dalāî aṁgāî || 109

'The illustration of Anumāna :

Her dallying with that wicked one is doubtlessly suggested by her limbs which bearing nail-marks have left signs on the bed-leaves.'

āarisaṁmi-va jāsiṁ ucchara-roṇaṇabhara(?) phuḍa-cchāā |
dīsai paccakkh(?) hiaa-hāriṇī so hu āariso || 110

'That is Ādarśa wherein is seen vividly the heart-winning reflection, as if in a mirror, of the various parts of senses(?)'

āariso jahā

keli-parā mosara maṇne tuha phaṁsūsavaṁ apāvaṁtā |
hatthā se ṇaha-kiraṇa-cchaleṇa dhārāhi-va ruvaṁti || 111

'The illustration of Ādarśa :

Indulging in sport, do not move away : her hands deprived of the festive joy of touching you are weeping profusely, I believe, under the guise of the (bright) rays from her finger-nails.'

thevovamāi sahiā,(a) saṁta-kāraṇā guṇāṇujoeṇa |
avivakkhia-sāmatthā, uppekkhā hoi sāisaā || 112

'With a slight touch of Upamā, attributing non-existing qualities due to some connection, lacking in intention of stating all (parts) is Utprekṣā excelling in poetic beauty.'

uppekkhā jahā

dīsai pūria-saṁkho-vva malaa-mārua-ṇareṁda-saṁcalaṇe |
dara-dalia-malliā-maula-lagga-muha-guṁjiro bhamaro || 113

'The illustration of Utprekṣā :

The bee, humming while its mouth is stuck to the Mallikā bud slightly open (blossomed) appears like the conch that has been blown at the march of the king, the Malaya breeze.'

vivihehî alaṁkārehî ekka-miliehî hoi saṁsiṭṭhi |
āsīsālaṁkāraṁ, āsivvāaṁ ca bhaṇaṁti || 114

'Saṁsṛṣṭi results when different figures are combined into one, and the figure Āśis is said be in the form of a statement of blessing.'

saṁsiṭṭhi jahā

tujjha muhaṁ sasi sasimuhi taha tujjhaṁba-ṇava-pallavā calaṇā |
thaṇaā tuha jala-kalasa-vva suṁdarā kaṁ ṇa mohaṁti || 115

'The illustration of Saṁsṛṣṭi :

O moon-faced girl, your face is the moon and your feet are fresh leaves of mango; your breasts are beautiful like water-pitchers. Whom they would not fascinate ?'

āsīsā jahā

āsīsā saṁtattassa-vi saala-kalusaî tumha ṇāsaṁtu |
dia-guru-tavasi-kumārīeh-saaṇa-suaṇehî diṇṇā u || 116

'The illustration of Āśis :

May the blessing given by the Brahmaṇas, the preceptor, young ascetics, relatives and good people destroy all your sins, you who is suffering agony.'

uvamārūvaameaṁ, viraijjai jattha rūvae uvamā |
ṇiarisaṇaṁ hu vi siṭṭhaṁ caṁdāviajaovamārahiā(?) || 117

'That is Upamārūpaka wherein Upamā is incorporated in a Rūpaka. Nidarśana is described as....without explicit Upamā.'

uvamārūvaaṁ jahā

saṁpesia-ṇaaṇa-sarā, rasaṇā-rava-tarala-milia-ghara-haṁsa |
khalia-juāṇā ṇisarai, mammaha-dhāḍi-vva dhavalacchī || 118

'The illustration of Upamārūpaka :

That girl with white eyes shoots arrows of her eye-sight, draws the flock of the

restless pet swans because of her jingling girdle and makes the boys falter as she comes out like a sudden invasion of the God of Love.'

ṇiarisaṇaṁ jahā

dāvaṁti jalaharā saala-daṁsaṇa-vahaṁ samārūḍhā |
khaṇa-vihaḍaṁta-khaṇa-samuṇṇai-dharaā kāla-kīlāu || 119

'The illustration of Nidarśana :

The clouds, mounted over whole of the visible expanse, now disintegrating, now rising high, show the sportings of Time.'

hoi silesa-chaleṇaṁ, majjaṁtī rūaeṇa a-phuḍeṇaṁ |
uppekkhā eso suo uppekkhāvaava-ṇāmo hu || 121

'That figure is known as Utprekṣāvayava wherein Utprekṣā is merged in an implied Rūpaka under the guise of Śleṣa.'

Uppekkhāvaavo jahā

sama-viasaṇa-saṁpuṇṇaṁ, vaṇaṁ nu kusumāṇa raaṇi-viramaṁmi |
ujjovai iha(?)-caṁdo, joikkhāṇi va(?) paiṭṭho || 122

'The illustration of Utprekṣāvayava :

At the close of night the moon illuminates the luninaries....as if a forest filled with flowers, all blooming at the same time (?).'

so ubbheo vatthūṇa jattha vatthūhî hoi ubbheo |
bhaṇio kiṁ-paa-gabbho, biio taha ṇūṇa-saddeṇa || 123

'Wherein there is revelation of some things by others — that figure is Udbheda. Its one type is said to have the word 'kim' implied. The other type is marked by the word 'nuṇaṁ'.'

Ubbheo kiṁ-paa-gabbho jahā

ālīṁ ṇiacchaṇa-saloṇīaṁ haliassa a-muṇia-rasassa |
nivvāsia-sira-cīraṁuchuṇṇaṁ muhaṁ viaḍḍheṇaṁ || 124

'The illustration of that type of Udbheda in which the word *kim* is implied :

The face of the rustic, who had not experienced love, and who was looking at the beautiful girl whose head was bared due to slipping of upper garment, was bashed by her lover (?)'

nūṇaṁ-sadde ubbheo jahā

dara-ṇiggaaṁ ṇa pecchai nūṇaṁ sahaāra-maṁjariṁ ajja |
teṇa tuha vaccha loaṇaṁ ahiu(?) vahu-muhaaṁdaṁ || 125

'The illustration of that type of Udbheda which contains the word *ṇūṁaṁ* :

She does not look, it seems, at the mango-blossom that slightly came out just to-day. Hence, O dear son, the moon-like face of your wife....(?)'

vara-vaaṇa-pālaṇaṁ kiṁ-paeṇa sahi-desaṇaṁ khu valio tti |
jamaaṁ sui-sama-bhiṇṇattha-vaṇṇa-puṇaruttaaṁ-bhaṇiaṁ || 126

'That figure is Valita wherein the friend of the Nāyikā advises her to keep her promise with the lover, by using the word *kim*. Yamaka is defined as the repetition of words which are same in sounds but different in meaning.'

valiālaṁkāro jahā

kiṁ tuha ruassa halā ruasu [tuaṁ] sāmiṇī ṇia-sattīe |
assāuccheadhaiu (?) tassa a pāesu paḍiā u || 127

'The illustration of the figure Valita :

What is the use of your weeping, O friend ? You weep as much as you can. (You can please him only ?) by falling at his feet.'

āī-majjhaṁta-gaaṁ, pāabbhāso tahā āvali-ṇibaṁdho |
nīsesa-pāa-raiaṁ, jāai jamaaṁ a paṁca-vihaṁ || 128

'Yamaka is of five types : repetition of a word in the beginning or the middle and end, repetition of a Pāda, concatenated repetition and repetition of all the Pādas.'

pāāi-jamaaṁ jahā

mā ṇaṁ māṇaṁ hārehi ṇiddaa-daie aha sālūrī(?) |
gaa-ṇāha-gea(?) sāṇāsā-sāsāuraṁ ramiaṁ || 129

'The illustration of Yamaka occurring in the beginning of a Pāda :

Do not loose your pride before your pitiless darling, O.....and make love to him avidly with heavy breathing with the nose (?)'

majjhaṁta-jamaaṁ jahā

jassa pavaṁgamehĩ khaa-samaṁ diṭṭhaṁ taṇhāieṇaṁ nacciraṁ ciraṁ |

vimala-pphuraṁtaara-raaṇa-vijjujjalaṁ jalaṁ |
mahiharāghāavisaraṁta-aṁtaaṁ || 130

XX XX XX XX

'The illustration of Yamaka occurring in the middle and end of a Pāda :

pāabbhāse jamaaṁ jahā

seū-baddha-samuddaṁ tarala-lavammaṇaṁ | kaṁdarāghaṇa-cāraṁ
ovvaa paaṇa-ṇālaṁ kaṁdarā-ghaṇa-cāriaṁ ovvaṁ paaṇa-ṇālaaṁ || 131

XX XX XX XX

'The illustration of Yamaka occurring as repetition of a Pāda :

āvalī-jamaaṁ jahā

haṁbho raṁvijjala-pajala-pajala-ṇibbhare ṇibbhareūṇaṁ |
sārāsāme sāsāme saamottuṁ kalio || 132

XX XX XX XX

'The illustration of Yamaka in the form of concatenated repetition :

saala-pāa-jamaaṁ jahā

tuha kajje sāhasiā keṇa kaā vaṁdaṇeṇa sāhasiā |
taṇṇiuṇaṁ sā hasiā sahiāhî phuḍaṁ sā hasiā || 133

XX XX XX XX

'The illustration of Yamaka in the form of repetition in all the Pādas :

aṇṇe vi aṇa asesā ṇa hoṁti samaggādhiṇo kavve |
teṇa vi aṇṇo bhāvopaeso ea daṭṭhavvo || 134

XX XX XX XX

iti alaṁkāradarpanaṁ samāptaṁ ||
śubhaṁ bhāvatu ||

'Thus ends the Alaṁkāradarpaṇa.

Let there be welfare and prosperity'

# ધ્રુવસેન-પહેલાનું તામ્રપત્ર (વિ૦ સં૦ ૨૦૬)

**અ૦ ૨૦ શાહ**

સંગ્રહસ્થાન એટલે સંસ્થા અથવા સ્થળ/મકાન કે જ્યાં કલા, સંસ્કૃતિ અને વિજ્ઞાનને લગતી વિવિધ વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવે છે. અને તે વસ્તુઓને સારી હાલતમાં જાળવીને સુવ્યવસ્થિત રીતે પ્રદર્શિત કરવામાં આવે છે જેથી આ પ્રદર્શિત વસ્તુઓને સામાન્ય જનસમુદાય નિહાળે છે અને ગમ્મત સાથે જ્ઞાન મેળવે છે. વિવિધ નમૂનાઓમાં રહેલું વિજ્ઞાન, કલા, સંસ્કૃતિ જે નિરૂપિત થાય છે તેનો વિવિધ વિષયના વિદ્યાર્થીઓ, સંશોધકો અને નિષ્ણાતો અભ્યાસ કરે છે અને ઘણું વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરે છે. તેથી જ સંગ્રહસ્થાન એ ફક્ત સંગૃહીત નમૂનાઓનું પ્રદર્શન સ્થળ ન રહેતાં શિક્ષણ માટેનું શિક્ષણધામ છે. એટલું જ નહીં તે ઇતિહાસ, કળા વગેરેની પ્રયોગશાળા પણ છે. આ મ્યુઝિયમ-સંગ્રહસ્થાનમાં પ્રદર્શિત નમૂનાઓ સારી હાલતમાં હોય તો જ જોવા ગમે અને જોવાની તેમ જ તેમાંથી જ્ઞાન મેળવવા માટેની રુચિ જળવાઈ રહે. તે માટે મ્યુઝિયમ હંમેશાં જાગ્રત રહે છે કે જેથી સંગૃહીત વસ્તુઓ સારી હાલતમાં જળવાઈ રહે. સારી હાલતમાં જાળવી રાખવા માટે મ્યુઝિયમમાં અલગ અલગ વિષયના તકનીકી નિષ્ણાત હોય છે તેથી જ મ્યુઝિયમની મુલાકાત રુચિકર અને લોકભોગ્ય બને છે.

વડોદરા મ્યુઝિયમ અને પિક્ચર ગૅલરી, વડોદરામાં કેન્દ્રીય સુરક્ષા પ્રયોગશાળા આવેલી છે, જે વડોદરા મ્યુઝિયમના સંગૃહીત નમૂનાઓને રાસાયણિક ઉપચારવિધિથી સુરક્ષિત રાખે છે. એટલું જ નહીં પરંતુ ગુજરાત રાજ્યના સંગ્રહાલય ખાતાના વિવિધ મ્યુઝિયમના સંગૃહીત નમૂનાઓને પણ સુરક્ષિત રાખવા માટેની કામગીરી કરે છે.

પ્રયોગશાળાની કામગીરીના ભાગરૂપે ભાવનગર(ગુજરાત)ના બાર્ટન મ્યુઝિયમના ક્યુરેટરશ્રીએ અત્રે એક બે પતરાનું તામ્રપત્ર મોકલ્યું હતું. આ તામ્રપત્ર વાંચી ન શકાય તેવું કટાઈ ગયેલું હતું. તેથી તેને રાસાયણિક ઉપચારવિધિથી સુરક્ષિત કરવા માટે અને સહેલાઈથી વાંચી શકાય તે માટે અત્રે મોકલ્યું હતું. આ તામ્રપત્ર ભાવનગર જિલ્લાના કુકડ ગામેથી મળી આવેલું. મૈત્રકોના વલભી વંશનું છે[૧].

**તામ્રપત્રની પરિસ્થિતિ :-**

બે પતરાનું આ તામ્રપત્ર જ્યારે લેબોરેટરીમાં લાવવામાં આવ્યું ત્યારે તેની ઉપર ખૂબ જ કાટ ચઢેલ હતો અને તેથી તે વાંચી શકાય તેમ ન હતું (ચિત્ર - ૧). આ કાટ સળંગ ન હતો. પરંતુ ચૂનો અને રેતીના સખત પડની સાથે લીલાશ પડતા વાદળી રંગનો કાટ જાણે ડાઘા પડ્યા ન હોય, તે રીતે છૂટોછવાયો હતો. આ કાટ એ તાંબાના ક્ષાર જેવા કે $Cu(OH)_2$ $CuCO_3$ માંથી બનતા એકઝ્યુરાઇટ અને મેલોકાઈટમાંથી બનેલ હતો. જમીનની અંદર દટાઈ રહેવાથી આજુબાજુના ભેજ અને ક્ષારને કારણે આવો કાટ બને તે શક્ય છે. લાંબા સમય સુધી જમીનમાં

દટાઈ રહેવાને કારણે તેની ઉપર ચૂનો રેતી વગેરે સખત રીતે ચોંટી જાય તે પણ સ્વાભાવિક છે.

**રાસાયણિક સારવાર**[૨-૩]

તામ્રપત્રની ઉપર રહેલ ચૂના અને રેતીનું સખત પડ જે સહેલાઈથી તામ્રપત્ર ઉપરથી છૂટું પાડી શકાય તેમ ન હતું તે સખત ચોંટેલ પડને છૂટું પાડવા માટે સૌ પ્રથમ સોડિયમ હેક્ઝા-મેટાફોસ્ફેટનો ઉપયોગ કરવામાં આવ્યો. આ રસાયણના દ્રાવણમાં (૫%) બંને પતરાં ડૂબેલાં રાખીને અલ્ટ્રાસોનીક મશીનના ઉપયોગથી કાટના પડમાં રહેલ રેતી, ચૂનો વગેરેને દૂર કરવામાં આવ્યાં, ત્યાર બાદ બંને પતરાં ઉપર લીલાશ પડતો ભૂરો કાટ દૂર કરવાનો બાકી રહેતો હતો. સદર કાટ ૧૫% આલ્કલાઈન રસેલ સોલ્ટ[૪]ના દ્રાવણમાં તામ્રપત્ર ડુબાડી રાખીને દૂર કરવામાં આવ્યો. આ પ્રક્રિયા બધો રંગીન કાટ દ્રાવણમાં જાય ત્યાં સુધી કરવામાં આવી હતી જેથી તામ્રપત્ર સુંદર વાંચી શકાય તેવું થઈ ગયું હતું તેમ જ બધો જ કાટ દૂર થઈ ગયો હોય તેમ લાગતું હતું. પરંતુ તામ્રપત્રના બંને પતરાં ઉપર કેટલેક ઠેકાણે લાલ રંગનો કાટ દેખાતો હતો. આ લાલ રંગના કાટ નીચે લીલા રંગનો કાટ જણાતો હતો. આવો કાટ તાંબાને ખૂબ જ ઝડપથી ખાઈ જતો હોય છે. (કટાઈ જાય છે.) આ કાટ તે ક્યુપ્રસ કલોરાઇડનું ભેજ અને હવા-પ્રાણવાયુની હાજરીમાં થયેલ ક્યુપ્રીક કલોરાઇડમાં પરિવર્તન, આવો કાટ જે સળંગ પતરા ઉપર ન હોતાં કોઈક જગાએ જોવા મળે છે અને તે કાટથી તામ્રપત્રની કટાઈ જવાની પ્રક્રિયા ઝડપી બને છે. અને તે પતરા માટે જોખમી હોય છે. આવા કાટને અંગ્રેજીમાં "બ્રોન્ઝ ડીસીઝ" કહે છે.

આ કાટને દૂર કરવા પ્રથમ ૫% ગંધકનો તેજાબ અને ત્યારબાદ ઉપર જણાવેલ આલ્કાલાઈન રસેલ સોલ્ટની રાસાયણિક ઉપચારવિધિ કરવામાં આવી અને આમ તામ્રપત્રને સંપૂર્ણ કાટમુક્ત કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત સારવાર બાદ તામ્રપત્રને પાણીથી બરાબર ધોઈને નિસ્યંદિત પાણીથી બરાબર ધોવામાં આવ્યું. ધોવાની પ્રક્રિયા પાણીમાં કલોરીન આવતો બંધ થાય ત્યાં સુધી ચાલુ રાખવામાં આવી હતી. અંતે બંને પતરાંને બરાબર સૂકવીને ભવિષ્યમાં સામાન્ય પરિસ્થિતિમાં તામ્રપત્ર ફરીથી કટાય નહીં તે માટે તેની ઉપર પોલીમીથાઈલ મેથાકીલેટ (૧, ૨, ડાય કલોરો ઈથેનમાં)નું પાતળું પડ ચઢાવવામાં આવેલ હતું. આમ કરવાથી તામ્રપત્ર સુરક્ષિત થયું અને સહેલાઈથી વાંચી શકાય તેવું બન્યું છે. (ચિત્ર-૨)

**તામ્રપત્ર :-**

આ તામ્રપત્ર બે તાંબાના પતરાંમાંથી બનાવેલ છે. બંને પતરાં ઉપર લખાણ ફક્ત અંદરની બાજુએ જ છે. બંને પતરાં ઉપરનું લખાણ પતરાના ઘસારાથી ઘસાઈ ન જાય અને સુરક્ષિત રહે તે માટે પતરાની કિનારી ઉપસાવવામાં આવેલી છે. વળી બંને પતરાંના ખૂણા ગોળ કરેલા છે. તામ્રપત્રના પહેલા પતરાની નીચેની બાજુએ અને બીજા પતરાની ઉપરની બાજુ બબ્બે કાણાં છે તે ઉપરાંત પહેલા પતરાની ડાબી બાજુએ ઉપર ખૂણામાં એક કાણું છે. આ કાણામાં રાજમુદ્રા સાથેની એક તાંબાની કડી છે. આ મુદ્રા જે પિત્તળની છે તેમાં બેઠેલ નંદી છે જેની નીચે "શ્રી ભટક્કઃ"

લખેલ છે. આ મુદ્રા કંઈક અંશે ઉપરથી સપાટ અને નીચેની બાજુએથી ઈંડા આકારની છે. બંને પતરાંને પકડી રાખતી તાંબાની ડાબી બાજુની કડી જળવાઈ રહેલ છે, જ્યારે જમણી બાજુની કડી ખોવાઈ ગયેલ છે.

તાંબાના પતરા ઉપરનું લખાણ વ્યવસ્થિત અને સુવાચ્ય છે. લખાણ ઊંડે સુધી કોતરેલ હોવાથી પતરાની લખાણની પાછળની બાજુએ તે ઊપસી આવેલ દેખાય છે. બીજા પતરાની પાછળની બાજુએથી કોદાળીનો ઘા વાગેલ હોય તેવી નિશાની છે, જે આગળની બાજુએ ઊપસી આવેલ છે.

આ તામ્રપત્રને લગતી કેટલીક માહિતી નીચે મુજબ છે.

| | |
|---|---|
| દરેક પતરા ઉપર લખાણ | - ૧૪ લીટી |
| પતરા ઉપર લખેલ ભાષા | - સંસ્કૃત |
| પતરા ઉપર લખેલ લિપિ | - વલભી-બ્રાહ્મી |
| પતરાનું માપ | - ૨૮ સે૦ મી૦ x ૧૬.૫ સે૦ મી૦ |
| પતરાની જાડાઈ | - ૦.૧૭ સે૦ મી૦ |
| તાંબાની કડીનો વ્યાસ | - ૦.૪૬ સે૦ મી૦ |
| મુદ્રા સાથે જોડેલ કડીનો વ્યાસ | - ૦.૫૧ સે૦ મી૦ |
| મુદ્રાનું માપ | - ૫ સે૦ મી૦ x ૪.૫ સે૦ મી૦ |
| પતરા ઉપરના અક્ષરોનું માપ | - ૦.૫ સે૦ મી૦ |
| તામ્રપત્રનું કુલ વજન | - ૧૭. ૧૭ ગ્રામ |
| મુદ્રા સાથે પહેલા પતરાનું વજન | - ૯૮૮ ગ્રામ |
| મુદ્રાનું તેની કડી સાથે વજન | - ૨૪૫ ગ્રામ |
| પહેલા પતરાનું વજન | - ૭૪૩ ગ્રામ |
| બીજા પતરાનું વજન | - ૭૧૯ ગ્રામ |
| તાંબાની કડીનું વજન | - ૧૦ ગ્રામ |

તામ્રપત્રના લખાણમાં અન્ય તામ્રપત્રની જેમ વંશાવલી છે. દાનપત્રમાં જે સ્થળનો ઉલ્લેખ કરવામાં આવેલ છે તે ગામ કુક્કુટ છે. દાન આપવાનું કારણ મંદિરના સમારકામ, અન્ન, વસ્ત્ર, પૂજા ઈત્યાદિ માટેનું છે. દૂતક પ્રતિહાર મમ્મક છે. અને લખનાર કિકક્ક છે. વલભી રાજા ધ્રુવસેન પહેલા દ્વારા અપાયેલ આ દાનની તામ્રપત્રમાં તિથિ વલભી સંવત ૨૦૬ના આસો સુદ-૫ છે. એટલે કે ઈ૦ સ૦ ૫૨૫. આ તામ્રપત્રનું કુક્કુટ ગામ તે આજનું ભાવનગર જિલ્લાનું કુકડ ગામ હોઈ શકે.

આ તામ્રપત્રના બીજા પતરાની ૭મી લીટીમાં (સળંગ ૨૧મી લીટી) ષોડશ લખેલ છે, જે

ષ્વોડશ લખેલ હોય તેમ વંચાય છે. લખનારે પહેલાં ભૂલથી વ લખેલ છે. પરંતુ તે ભૂલથી લખવામાં આવેલ હોવાથી ઊંડે સુધી કોતરેલ નથી, જે સ્પષ્ટ કરે છે કે લખનાર ષ્વોડશ નહીં પરંતુ ષોડશ લખવા માંગે છે.

આ તામ્રપત્રમાં દ્રોણસિંહ શબ્દોનો બે વખત ઉલ્લેખ થયેલ છે જેમાં ૮મી લીટીમાં દ્રોણસિંહ લખેલ છે. જ્યારે ૧૯મી લીટીમાં એટલે કે બીજા પતરાની ૫મી લીટીમાં દ્રોણસિંહ લખેલ છે.

તામ્રપત્રમાંના લખાણ ૫,૬ દેવનાગરી લિપિમાં (ચિત્ર ૩ અને ૪) નીચે મુજબ છે[5].

## પતરું-૧

(१) ॐ स्वस्ति वलभीतः प्रसभ प्रणतामित्राणां मैत्रकाणां मतुल बल संपन्न मण्डलाभोग संसक्त संप्रहार

(२) शतलब्ध प्रतापः प्रतापोपनत दान मानार्ज्जवोपार्ज्जितानुरागोनुरक्त मौलभृत मित्र श्रेणी बला

(३) वाप्त राज्यश्रीः परम माहेश्वरः श्री सेनापति भटक्कः तस्य सुतस्तत्पाद रजोरुणनत पवित्रीकृत

(४) शिराः शिरोवनत शत्रु चुडामणि प्रवाविच्छुरित पादनख पक्ति दीधितिः दीनानाथ जनोपजीव्य मान विभवः

(५) परम माहेश्वरः सेनापति धरसेनस्तस्यानुजस्तत्पादाभि प्रशस्त विमल मौलि मणिर्म्मन्वादि प्रणीत

(६) विधि विधान धर्म्मा धर्म्मराज इव विहित विनय व्यवस्था पद्धतिरखिल भुवन मण्डला भोग स्वामिना पर

(७) म स्वामिना स्वयमुपहित राज्याभिषेक महाविश्राणनावपुत राजश्रीः परम माहेश्वरो महाराज

(८) द्रोणर्सिह स्सिज्ह इव तस्यानुजः स्वभुज बलेन परगज घटानीकानामेक विजयी शरणैषिनांशर

(९) णम व बोध्धा शास्त्रार्थ तत्वानां कल्पतरुरिव सुहृत्प्रणयिनां यथाभिलषित फलोप भोगदः परम

(१०) भागवतः परम भट्टारक पादानुध्यातो महाराज ध्रुवसेनः कुशली सर्व्वानिवस्वान युक्तक

(११) विनियुक्तक द्राङ्गिक महत्तर चाट भट ध्रुवस्थानाधिकरण दण्ड पाशिका दीनन्यांश्च यथा सम्बध्य

(१२) मानकाननु दर्शयत्यस्तु वस्सं विदितं यथा मया हस्तक वप्राहरण्यां कुक्कूट ग्रामे प्रतिहार

(१३) मम्मक प्रतिख्यापित कादित्य भट्टारक पादानां धूप दीप तैल माल्य गन्ध पुष्पोपयोगी

देवकुल

(१४) स्य च पतित विशीर्ण्ण प्रति संस्कारणार्त्थ सत्रोपयोगी परिचारक भोजकाय च ग्रासा च्छादन निमित्तं

## પતરું-૨

(१५) माता पित्रोः पुण्याप्यायनायात्मनश्चैहिका मुष्मिकं यथाभिलषित फलावाप्ति निमित्त मा च

(१६) न्द्रार्क्कार्ण्णव क्षिति सरित्पर्व्वत स्थिति समकालीना त्रैव ग्रामे परस्यां दिशी कुटुंबी भद्रदीन्न प्रत्यय सीता

(१७) पादावर्त्त शत परिमाणं तथा परस्यामेव दिशिरेत्य प्रत्यय सीता पादावर्त्त शत परिमाणा तथा स्या

(१८) मेव दिशि देवशर्म्म प्रत्यय सीतापादावर्त्त शत प्रामाण्या पूर्व्वस्यां दिशि प्रतिहार मम्मक स्व बाहु

(१९) वो तारमो पयोज्या कृपक द्वयं चत्वारी ज्शत्पादावर्त्त परिसरं सारीर्णी पेयं महाराज द्रोणसिज्ह पाद

(२०) प्रकाल प्रभुक्तक मनु मोदित मिदानीमपि मयास्मीन्नेव ग्रामे दक्षिणस्यां दिशि खिल पादावर्त्त शतं

(२१) पूर्व्वस्यां दिशि वापी षोडश पादावर्त्त परिसरा कल्लवालस्यैकस्या दानं चक्र द्वया दानं चदत्तं यतोत्राधि

(२२) कृतानामध्यासता मध्यासाप यतांवान कैश्चित्स्वल्पाप्या बाधा विधारणा वा कार्य्यास्म द्वंशजैरागामी

(२३) नृपतिभिश्चानित्यान्यै श्वर्य्याण्य स्थिरं मानुष्यं सामान्यं च भूमिदान फलमवगच्छ द्भिरयमस्म द्वाया

(२४) नुमति श्चानुमन्तव्यः यश्चाच्छिन्द्या दाच्छिध्यमानवानु मोदेत्स पंचभिर्म्महा पातकै स्सोप पातकैः

(२५) संयुक्तस्यादपि चात्र व्यास गीतो श्लोको भवतः षष्टि वर्ष सहस्राणि स्वर्गे मोदति भूमिदः आच्छे

(२६) त्ता चानु मन्ताच तान्येव नरके वसेतबहुभिर्व्वसुधाभुक्ता राजभिस्सगरादिभिः यस्य यस्य यदा भूमि

(२७) तस्य तस्य तदा फलमिति स्व हस्तो मम महाराज ध्रुवसेनस्य दूतकः प्रतिहार मम्मकः

(२८) लिखितं किक्ककेन सं २०० ६ आश्व युज सु पू

मुद्रा - श्री भटक्कः

અવલોકન :-

તામ્રપત્રમાંની ભાષા અને વ્યાકરણને ધ્યાન સમક્ષ રાખ્યા સિવાય તામ્રપત્રનો અભ્યાસ કરતાં કેટલીક વિશિષ્ટતાઓ જોવા મળી છે જે ધ્યાનાકર્ષક હોઈને નોંધવી જરૂરી છે[6].

(ક) લખાણમાં એક જ અક્ષર માટે અલગ અલગ લખાણ કોતરવામાં આવ્યું છે.

(૧) ધ્રુ (ધ્રુવસેનમાં)

 લીટી-૧૦

 લીટી-૨૭

(૨) મિ (સ્વામિમાં અને ભૂમિમાં)

 લીટી-૬, લીટી-૨૬

 લીટી-૭, લીટી-૨૩

(૩) ભ્યો

 લીટી-૧૯,૨૦

 લીટી-૨૪,૨૫

(૪) લ

 લીટી-૧,૨૦ વગેરે

 લીટી-૨,૨૦ વગેરે

આમ એક જ પતરામાં એક જ અક્ષર માટેની વિવિધતા જોવા મળે છે, જે વધુ અભ્યાસ માંગી લે છે.

(ખ) અન્ય તામ્રપત્રોમાં હોય છે તેમ આ તામ્રપત્રમાં બંને પતરાંમાં બબ્બે કાણાં છે. પરંતુ આ તામ્રપત્રમાં પ્રથમ પતરામાં એક વધુ કાણું છે, જે વિશિષ્ટ છે અને અલગ તરી આવે છે.

(ગ) સામાન્યતઃ તામ્રપત્રની સાથે જે રાજમુદ્રા હોય છે. તે તામ્રપત્રનાં પતરાંને જોડતી બે કડીમાંથી એક કડી સાથે જોડેલ હોય છે. જ્યારે આ તામ્રપત્રમાં રાજમુદ્રા ફક્ત પહેલા પતરાની સાથે જ જોડેલી છે, જે અન્ય તામ્રપત્રની સરખામણીમાં ખૂબ જ જુદું પડે છે, અને તે વધુ અભ્યાસ માંગી લે છે.

(ઘ) આ ચર્ચિત તામ્રપત્રમાં કુક્કુટ ગામ છે. અને વલભી સંવત ૨૦૭ના કાર્તિક સુદ-૭ના રોજ લખાયેલ તામ્રપત્રનું ગામ કુક્કુટ[7] છે. આ બંને ગામ સરખામણી માંગી લે છે. કદાચ બંને ગામ કુક્કૂટ અને કુક્કુટ તે ભાવનગર જિલ્લાનું કુકડ ગામ હોઈ શકે.

આમ અક્ષરોમાં વિવિધતા, પહેલા પતરાની અંદર ત્રણ કાંણાં, રાજમુદ્રાનું ફક્ત પહેલા પતરાની સાથે જોડાણ વગેરે આ તામ્રપત્રની વિશિષ્ટાઓ છે જે માટે વિદ્વાનો વધુ પ્રકાશ નાંખી

શકે છે.

અંતે એ પણ ઉલ્લેખવું જરૂરી છે કે આ તામ્રપત્રમાં જે ગામનું નામ છે તે કુક્કુટ છે જ્યારે આ રાજ્યનું વલભી સંવત ૨૦૭ના તામ્રપત્રમાંના ગામનું નામ કુક્કટ છે. કદાચ આ બંને ગામ એક જ હોઈ શકે. જો બંને ગામ એક જ હોય તો કુક્કુટમાંથી કુક્કટ નામમાં પરિવર્તન આટલા ટૂંકા ગાળામાં કેમ થયું ? લખનારની કદાચ ભૂલ હોઈ શકે. પરંતુ આ બાબતની ઉપેક્ષા કરી શકાય નહીં.

ઉપરોક્ત સઘળા મુદ્દા તલસ્પર્શી અભ્યાસ માંગી લે છે, અને વિદ્વાનો આ બાબતે સારો પ્રકાશ નાંખી શકે તેમ છે.

આ લેખ લખવા માટે સહકાર આપવા બદલ સંગ્રહાલય ખાતું, ગુજરાત રાજ્યના નિયામકશ્રીનો હું આભાર માનું છું. વળી લેખ માટે જરૂરી સહકાર આપવા બદલ સ્વ૰ ડૉ૰ શારદા શ્રી નિવાસન, પુરાતત્ત્વ વિભાગ, મ૰ સ૰ યુનિવર્સિટી, વડોદરા. શ્રી એસ૰ વાય૰ વાકણકર અને શ્રીમતી વિજયાબેન લેલે, પ્રાચ્ય વિદ્યાભવન, વડોદરાનો હું આભારી છું.

---

સંદર્ભ :-

૧. શ્રી મનહર સોલંકી, ક્યુરેટર, બાર્ટન મ્યુઝિયમ, ભાવનગર દ્વારા મળેલ માહિતી.

૨. કોન્વેન્શન ઑફ એન્ટીકવીરીઝ એન્ડ વર્કસ ઑફ આર્ટ — એચ૰ જે૰ પ્લેન્ડરલીથ ૧૯૫૭.

૩. ટેકનીકલ સ્ટડીઝ ઇન ધી ફિલ્ડ ઑફ મ્યુઝિયમ એન્ડ ફાઈન આર્ટ્સ — સ્વર્ણકમલ.

૪. આલ્કલાઇન રસેલ સોલ્ટનું દ્રાવણ ૫ ભાગ વજનના સોડિયમ હોઇડ્રોક્સાઈડ, ૧૫ ભાગ વજનના સોડિયમ પોટેશિયમ ટાર્ટરેટને ૧૦૦ ભાગ વજનના પાણીમાં ઓગાળવાથી બને છે.

૫. ભારતીય પ્રાચીન લિપિમાળા (હિન્દી) ગૌરીશંકર ઓઝા, ૧૯૧૮.

૬. ગુજરાતના ઐતિહાસિક લેખો ભાગ-૧, ગિરજા શંકર આચાર્ય, ૧૯૩૩.

૭. ઇન્ડિયન એન્ટીક્વેરી — પાન ૨૦૪, વોલ્યુમ૰ ૫, ૧૮૭૬.

---



પાશુપતાચાર્ય મેઘરાશિનું તામ્રપત્ર વિ. સં. ૧૧૩૧ પત્ર પ્રથમ



પાશુપતાચાર્ય મેઘરાશિનું તામ્રપત્ર વિ. સં. ૧૧૩૧ પત્ર બીજું

# પાશુપતાચાર્ય મેઘરાશિનું તામ્રપત્ર

પં. લક્ષ્મણભાઈ ભોજક

## [प्रथम पत्र]

[पं॰ १]श्रीविक्रमसंवत् ११३१ चैत्रशुदि १५ सु (शु)केऽद्येह श्रीमदणहिलपाटके सांख्यपातं [पं.२]जलपुराणादिप्रबोधमाहेश्वरः परमपाशुपताचार्यश्रीविशुद्धराशितत्पादानु [पं॰ ३] ध्यातः षट्तर्क्कपरि-ज्ञाननिपुणः पंडितश्रीबृहस्पतिराशिस्तत्पादानुध्यातपरम-[पं॰ ४]पाशुपताचार्यः शुकमहर्षिरिव यमनियम-स्वाध्यायध्यानानुष्ठानप्रतिष्ठे रा [पं॰ ५] जहंस इव विमलोभयपक्षः, कमलयोनिरिव विततकमला-श्रयस्त्र्यंबक इव [पं॰ ६]विहिताचलाश्रयः श्रीमेघराशिगुरुः स्वभुज्यमानसेधग्रामे समस्तमठपुरुषा [पं॰ ७]न् तपस्व्युत्तरान् तन्निवासिजनपदांश्च बोधयत्यस्तु वः संविदितं यथा । अद्य सो [पं॰ ८]मग्रहणपर्वणि स्नात्वा त्रिदशगुरुं भवानीपतिं समभ्यर्च्च्य संसारस्यासारतां विचिं [पं॰ ९]त्य नलिनीदलगतजललवतरलं प्राणितव्यमाकलय्य ऐहिकमामुष्मिकं च फल [पं॰ १०]मंगीकृत्य सेधग्रामे स्वयं कारितवाप्याः कुटुंबिकगणिपानामोपलक्षितभूमि[पं॰ ११]हलवाहार्द्धं शासनेनोदकपूर्व्वमस्माभिः प्रदत्तं । अंके हलवाहार्द्धं । [पं॰ १२] अस्याघाटा लिख्यंते यथा पूर्वदिग्भागे सोढाक्षेवा(त्रां) दक्षिणतः पूनाक्षेत्रं ।

## [द्वितीय-पत्रं]

[पं॰ १]पश्चिमतः क्षेत्राणां मार्गः । उत्तरतः श्रीपतिक्षेत्रं [पं॰ २]एवं चतुरे(रा)घाटोपलक्षितं भूमिहलवाहार्द्धं ग्रामस्य आग्नेयकू(को)णे प्रदत्तं । [पं॰ ३]इति मत्वा तन्निवासिभिरनुमंतव्यं । सामान्यं चैतत्पुण्यफलं बुद्ध्वास्मदन्वयजैरन्यै [पं॰ ४]रपि भाविभोक्तृभिरस्मत्प्रदत्तधर्म्मादायोऽनुमन्तव्यः पालनीयश्च ॥ तथा सेधग्रा [पं॰ ५]मीयब्राह्मण पाहिल । जसहड । पह्नरवाहण । महसुयण । महिपाल । चांदैय । दा [पं॰ ६]दा । वालहुल । चाहिल । गोहडादिसमस्तग्रामेण श्रीमेघराशिगुरुभणितेन वाप्या [पं.७] हलवाहं प्रतिकृत(तं)द्र [०]र द्वौ । या भूमी(र्मी)वहति तस्या देयं । या च भूमी निबंधमध्यात् पतति [पं.८]तस्या भूम्या ग्राममध्यात् आहेतं कृत्वा हलवाहं प्रत्याद्रम्मद्वयं देयं ॥ उक्तं च भग [पं॰ ९]वता व्यासेन ॥ षष्टिं वर्षसहस्राणि स्वर्गे तिष्ठति भूमिदः । आच्छेत्ता चानुमंता च ता [पं॰ १०]न्येव नरकं वसेत् ॥ बहुभिर्वसुधा भुक्ता राजभिः सगरादिभिः । यस्य यस्य यदा भू [पं॰ ११] मिस्तस्य तस्य तदा फलं ॥ यानीह दत्तानि पुरा नरेन्द्रैर्दानानि धर्म्मार्थयशस्कराणि । [पं॰ १२]निर्माल्यवांतिप्रतिमानि तानि को नाम साधुः पुनराददीत ॥ श्रीमेघराशिगुरोः ॥ [पं॰ १३]लिखितं लक्ष्मणेन ॥

પ્રસ્તુત દાનપત્ર લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના પુરાવસ્તુસંગ્રહમાં આગમ પ્રભાકર પૂ૰ મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મ॰ સા॰ તરફથી ભેટ મળેલ છે. તેનો ર॰ જિ॰ નંબર - ૨૮૦૧૦ અને મૂર્તિનંબર - ૪૯૯ છે.

આ દાનપત્રના બે તામ્રપત્રો છે. તે ચારે બાજુની ધાર ઉપસાવેલી છે. બંનેનું પરિમાણ ૧૫.૫ x ૨૩ c.m. છે. પ્રથમ પત્રનું વજન ૧૦૩૦ ગ્રામ છે. તેમાં ૧૨ પંક્તિઓ છે. દરેક

પંક્તિઓમાં આશરે ૩૦ અક્ષરો છે અને કડી માટેનું છિદ્ર પત્રમાં નીચેના ભાગમાં છે. બીજા પત્રનું વજન ૭૧૦ ગ્રામ છે. ૧૨ પંકિતઓ સંપૂર્ણ છે અને ૧૩મી પંક્તિ અડધી છે. દરેક પંક્તિમાં ૩૨ અક્ષરો છે. કડી છિદ્ર પત્રમાં ઉપરના ભાગમાં છે.

આ દાનપત્રમાં વિક્રમ સંવત ૧૧૩૧ ચૈત્ર સુદ પૂનમ શુક્રવારના દિવસે સેઘ ગ્રામમાં વાપીની ભૂમિનું દાન આપ્યાનો ઉલ્લેખ છે.

પાટણમાં પાશુપતાચાર્ય વિશુદ્ધ રાશિના શિષ્ય પંડિત બૃહસ્પતિ રાશિના શિષ્ય પાશુપતાચાર્ય મેઘરાશિએ પોતાના ભોગવટાના સેઘ ગ્રામમાં સમગ્ર મઠપુરુષો તપસ્વીઓ અને નગરલોકોને જણાવવાપૂર્વક ચંદ્રગ્રહણ પર્વ નિમિત્તે ભગવાન ભવાની-પતિનું પૂજન કરી જીવનની સફળતા માટે જલ મૂકવાપૂર્વક સેઘગ્રામમાં પોતે બનાવડાવેલી વાપીની તે ભૂમિ કુટુંબિક ગણિયાના નામથી ઓળખાતી હતી. હલવાહઅર્ધભૂમિ દાનમાં આપી.

આ ભૂમિની ચાર દિશાની મર્યાદા-પૂર્વદિશામાં સોઢાક્ષેત્ર દક્ષિણમાં પૂનાક્ષેત્ર, પશ્ચિમમાં ક્ષેત્રોનો માર્ગ, ઉત્તરમાં શ્રીપતિક્ષેત્ર. આમ ચાર આઘાટા સાથેની હલવાહઅર્ધભૂમિ ગામના અગ્નિ ખૂણામાં છે. જેનું દાન અપાયું છે. તે ગ્રામ નિવાસીઓએ સ્વીકારવું અને આ પુણ્યફળ છે તેમ માની અમારા વંશજો અને બીજા ભાવિ વારસદારોએ અમારા આપેલા આ ધર્મ ભાગનો સ્વીકાર કરવો અને પાલન કરવું.

સેઘ ગ્રામના બ્રાહ્મણ-પાહિલ, જસહડ, પદ્મ, નરવાહણ, મહસુયણ, મહિપાલ, ચાંદૈય, દાદા, વાલહુલ, ચાહિલ, ગૌહડ આદિ સમસ્ત ગામે મેઘરાશિ ગુરુના કહેવાથી વાપીનું હલવાહના બે દ્રમ્મ આપવાનું સ્વીકાર્યું.

જે ભૂમિ વહે છે તે ભૂમિ પેટે આપવું, અને જે ભૂમિ નિબંધ મધ્યમાંથી જાય છે તે ભૂમિના હલવાહપ્રતિ બે દ્રમત ગામમાંથી આહેજ (ઉઘરાણું) કરીને આપવા.

અંતમાં - ભગવાન વ્યાસનાં નામે ત્રણ શ્લોકો દ્વારા દાનના સમર્થનમાં સ્વર્ગપ્રાપ્તિ અને ઉલ્લંઘનમાં નરકપ્રાપ્તિનો ઉલ્લેખ કર્યો છે.

१. षष्टिं वर्ष-सहस्राणि....

२. बहुभि र्वसुधा भुक्ता....

३. यानीह दत्तानि पुरा नरेन्द्रैः....

અંતે શ્રી મેઘરાશિ ગુરુની સહી છે. આ તામ્રપત્રના લિપિકાર લેખક લક્ષ્મણ છે.

# ગુજરાતના પ્રસિદ્ધ હસ્તલિખિત ગ્રંથભંડારો

ભારતી શેલત; આર૦ ટી૦ સાવલિયા

ગુજરાતની ભૂમિ ભૂતકાળનો ભવ્ય સાંસ્કૃતિક અને વિદ્યાકીય વારસો ધરાવે છે. એની વિદ્યાપ્રવૃત્તિના ઘડતરમાં પ્રાચીન હસ્તલિખિત ગ્રંથભંડારોનું બહુમૂલ્ય પ્રદાન છે.

આ હસ્તલિખિત ગ્રંથભંડારો એટલે પ્રાચીન કાળનાં પુસ્તકાલયો. એમાં તાડપત્ર, કાપડ અને કાગળ પર લખાયેલા વિવિધ વિષયોને લગતા હસ્તલિખિત અને સચિત્ર ગ્રંથોનો સંગ્રહ કરેલો હોય છે.

ગુજરાતમાં આવા જ્ઞાનભંડારોની સંસ્થા ઘણી પ્રાચીન છે. ઈ૦ સ૦ની ૫મી સદીની આસપાસ સૌરાષ્ટ્રનું વલભી એક વિદ્યાધામ તરીકે આખા ભારતમાં વિખ્યાત હતું. તમામ જૈન આગમ ગ્રંથો, જે અગાઉના કાળમાં મુખપાઠથી ચાલતા હતા, તે આચાર્ય શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના અધ્યક્ષપણા હેઠળ પુસ્તકો રૂપે વલભીમાં લખવામાં આવ્યા. ભારતીય વિદ્યાપ્રવૃત્તિના ઈતિહાસમાં આ ઘણો મહત્ત્વનો બનાવ છે. આ રીતે લખાયેલાં પુસ્તકોની અનેક નકલો થઈ હશે અને તે જુદા જુદા ગ્રંથભંડારોમાં રાખવામાં આવી હશે. પ્રાચીન કાળમાં ગુજરાતમાં બૌદ્ધો, જૈનો અને બ્રાહ્મણોની સાહિત્યપ્રવૃત્તિ સારા પ્રમાણમાં ચાલતી હતી. આથી કોઈ પ્રકારનાં પુસ્તકાલયોનું અસ્તિત્વ તો ત્યાં હોવું જ જોઈએ. પરંતુ ચૌલુક્ય વંશના બે ગુર્જર રાજાઓ સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળના સમય પહેલાંના ગુજરાતના જ્ઞાનભંડારો વિશે કોઈ વિશ્વાસપાત્ર માહિતી ઉપલબ્ધ નથી. રાજા સિદ્ધરાજની વિનંતીથી હેમચન્દ્રાચાર્યે ગુજરાતનું પ્રધાન વ્યાકરણ રચ્યું અને ત્યારથી ગુજરાતની સાહિત્યપ્રવૃત્તિનો મધ્યાનકાળ શરૂ થયો. વિજેતા સિદ્ધરાજે ત્રણસો લહિયાઓ પાસે સતત ત્રણ વર્ષ સુધી વિવિધ લેખનકાર્ય કરાવી રાજકીય પુસ્તકાલયો સ્થાપ્યાં અને સિદ્ધહેમ વ્યાકરણની સેંકડો પ્રતો લખાવી વિદેશનાં પુસ્તકાલયોમાં ભેટ મોકલી. સિદ્ધરાજ પછી રાજા કુમારપાળે પણ એકવીસ જેટલા જ્ઞાનભંડારો સ્થાપ્યા હતા અને રાજકીય પુસ્તકાલય માટે જૈન આગમ ગ્રંથો તથા આચાર્ય હેમચંદ્રના ગ્રંથોની સુવર્ણાક્ષરવાળી ૨૧ પ્રતિઓ લખાવી હતી. ધોળકાના રાજા વીરધવલના સુપ્રસિદ્ધ મંત્રી વસ્તુપાળે કરોડો રૂપિયાના ખર્ચે ત્રણ જ્ઞાનભંડારો સ્થાપ્યાની હકીકત પ્રાચીન ગ્રંથોમાંથી મળી રહે છે. આ પ્રાચીન જ્ઞાનભંડારોમાંની એક માત્ર તાડપત્રીય હસ્તપ્રત હાલ ઉપલબ્ધ છે અને તે ઉદયપ્રભસૂરિએ રચેલી "ધર્માભ્યુદય" કાવ્યની. માંડવ ગઢના મંત્રી પેથડ શાહે ભરૂચ વગેરે સાત નગરોમાં ભંડાર સ્થાપ્યા હતા. આ ઉપરાંત કેટલાક ધનાઢ્ય ગૃહસ્થોએ પણ જ્ઞાન-સંગ્રહો લખાવ્યા હતા.

જાહેર માલિકોના આવા હસ્તલિખિત ગ્રંથભંડારો રાખવાની પ્રથા જૈન સમાજમાં વિશેષ અંશે પ્રચલિત હતી. ગુજરાત અને રાજસ્થાનમાં જૈન ધર્મનો વિશેષ પ્રસાર હોઈ ગ્રંથ-ભંડારોની સંસ્થા અહીં ખાસ ધ્યાન ખેંચે છે. આ ગ્રંથભંડારોમાં માત્ર જૈન ધર્મને લગતા જ ગ્રંથો નથી, શાસ્ત્ર

અને વિજ્ઞાનના જે વિષયોનું પ્રાચીન અને મધ્યકાલીન ભારતમાં અધ્યયન-અધ્યાપન થતું એ તમામ વિષયોને આવરી લેતા ગ્રંથભંડારો છે. આવા વિષયોમાં કાવ્ય, કોશ, છંદ, અલંકાર, જ્યોતિષ, નાટક, શિલ્પ, દર્શનશાસ્ત્ર વગેરે વિષયક સમગ્ર સાહિત્યના ગ્રંથોનો સમાવેશ થતો.

ગુજરાતના હસ્તલિખિત ગ્રંથભંડારોમાં પાટણ, ખંભાત અને અમદાવાદના ભંડારો સૌથી વધારે ખ્યાતિ પામેલા છે. આ ઉપરાંત વડોદરા, છાણી, પાલનપુર, ખેડા, પાદરા, હરાપરા, સિનોર, ભરૂચ, સુરત અને સૌરાષ્ટ્રમાં ભાવનગર, ઘોઘા, પાલીતાણા, લીંબડી, જામનગર, વઢવાણ કેમ્પ, માંગરોળ વગેરે સ્થળોએ અનેક નાનામોટા ગ્રંથભંડારો છે.

ઈ૦ સ૦ ના અગિયારમા, બારમા અને તેરમા શતકમાં પાટણનું રાજકીય મહત્ત્વ ચરમ સીમાએ પહોંચ્યું હતું અને આચાર્ય હેમચંદ્રસૂરિના પ્રભાવથી વિદ્યાપ્રવૃત્તિને રાજ્યાશ્રય તથા ઉત્તેજન મળતું હતું. ત્યારે ઇતિહાસ ધર્મ, નીતિ, તત્ત્વજ્ઞાન સાહિત્ય વગેરે વિષયોના ગ્રંથોની રચનાને ઘણો જ વેગ મળ્યો હતો. આ સમયે રચાયેલા ગ્રંથો ભારતીય સંસ્કૃતિના સંદર્ભમાં ખૂબ મહત્ત્વના નીવડ્યા. વળી જૈન ધર્મને જે રાજ્યાશ્રાય મળ્યો, તેથી જૈન સાધુઓ અને આચાર્યોએ જ્ઞાનવર્ધક પ્રવૃત્તિઓ વિકસાવવામાં ખૂબ જ રસ લીધો. આવી સાહિત્યિક પ્રવૃત્તિથી મોટા મોટા જ્ઞાનભંડારો અસ્તિત્વમાં આવ્યા અને એમાં પ્રાચીન, સમકાલીન અને નવા ગ્રંથોનો સંગ્રહ થતો રહ્યો.

**પાટણના હસ્તલિખિત ગ્રંથભંડારો :**

પાટણના લગભગ વીસ જેટલા હસ્તપ્રત ભંડારોનો એક રસપ્રદ ઇતિહાસ છે. એમાં પ્રાકૃત, સંસ્કૃત, જૂની ગુજરાતી, હિંદી, મરાઠી વગેરે ભાષાઓમાં રચાયેલા લગભગ બધા જ વિષયોના ગ્રંથો સચવાયા છે, જેમાં જૈન અને બીજા ધર્મોની રચનાઓનો સમાવેશ થાય છે. આને લીધે પાટણના ભંડારો દેશ-વિદેશમાં વિદ્વાનોના આકર્ષણનું કેન્દ્ર રહ્યા છે. આજે પાટણના બે સિવાયના બધા જ ભંડારોની તાડપત્ર ઉપરની તેમ જ કાગળ પરની હસ્તપ્રતોનો સંગ્રહ એકત્રિત થઈને પાટણના જૈન સંઘના તાબાના શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાન મંદિરમાં સચવાઈ રહ્યો છે. આશરે વીસ હજાર પ્રતો કાગળ ઉપર લખાયેલી સચવાઈ છે. આ જ્ઞાનમંદિરની સ્થાપના સને ૧૯૩૯માં થઈ હતી. પાટણના વિખ્યાત ગ્રંથભંડારો કાયમને માટે સચવાઈ રહે અને પ્રાચીન વિદ્યા તથા સાહિત્યના ક્ષેત્રે કામ કરતા વિદ્વાનોએ હસ્તપ્રતોનો સરળતાથી લાભ લઈ શકે એ હેતુથી આ જ્ઞાનમંદિરની સ્થાપના થઈ છે.

પાટણના નામાંકિત ભંડારોમાં સંઘવીના પાડાનો તાડપત્રીય ગ્રંથભંડાર વિદ્વાનોના આકર્ષણનું ખાસ કેન્દ્ર બનેલો. આ ભંડારની મુલાકાતે પાશ્ચાત્ય, વિદ્વાનો અને સંશોધકો આવતા હતા. ભંડારમાં કુલ ૪૩૪ તાડપત્ર ઉપરની હસ્તપ્રતો છે. એમાંની કેટલીક હસ્તપ્રતો સચિત્ર છે. એમાંનાં ચિત્રો મધ્યકાલીન પશ્ચિમ ભારતની ચિત્ર શૈલીના ઉત્તમ નમૂના પૂરા પાડે છે. આ શૈલીનાં ચિત્રો લઘુ-ચિત્રો સ્વરૂપે મળે છે. પશ્ચિમ ભારતની ચિત્રકલાનું જન્મસ્થાન અને પોષણસ્થાન ગુજરાત છે. એમાં ગુજરાતના ધર્મ અને સમાજજીવનનું પ્રતિબિંબ પડે છે. આ લઘુ-ચિત્રોની શૈલીના નમૂના મોટે ભાગે ગુજરાત અને રાજસ્થાનના જૈન ભંડારોમાંથી અને ખાસ કરીને જૈન કે જૈનાશ્રિત લખાયેલા ગ્રંથોના

લઘુ-ચિત્રો રૂપે મળે છે. ચિત્રોની આ શૈલીને ગુજરાતની શૈલી કે મારુ-ગુર્જર શૈલી પણ કહે છે. પાટણના સંઘવી-પાડાના ભંડારમાં કેટલીક તાડપત્ર પરની સચિત્ર હસ્તપ્રતો સુરક્ષિત છે. એમાં શ્વેતાંબર જૈન સંપ્રદાયના ગ્રંથ "નિશીથચૂર્ણિ"ની ઈ૦ સ૦ ની ૧૨મી સદીની પ્રત ગુજરાતી સચિત્ર તાડપત્રનો સહુથી જૂનો નમૂનો છે. આ પ્રત ભૃગુકચ્છ (ભરૂચ)માં લખાયેલી છે. એમાં એક પત્ર ઉપર વર્તુળાકારમાં હાથીસવારનું ચિત્ર આલેખાયેલું છે. ચિત્રમાં માળા ધારણ કરતી સ્ત્રીઓના આલેખન છે, જે ઘણું કરીને અપ્સરાઓ હોવાનું જણાય છે. આ સંગ્રહમાંની "કલ્પસૂત્ર"ની એક ૧૩મી સદીની હસ્તપ્રતમાં જૈન સાધ્વીઓ અને શ્રાવિકાઓનાં ચિત્રો આલેખેલાં છે. ૧૩મી સદીની "કથારત્નસાગર"ની હસ્તપ્રતમાં પાર્શ્વનાથ અને શ્રાવક-શ્રાવિકાનાં સુંદર ચિત્રો મળે છે.

આવી જ એક બીજી આ જ સમયની "કલ્પસૂત્ર"ની હસ્તપ્રતમાં જૈન પરંપરામાં વત્તેઓછે અંશે પૂજાતા બ્રહ્મશાંતિ યક્ષ અને લક્ષ્મીદેવીનાં આકર્ષક ચિત્રો મળે છે. આ ઉપરાંત "ઋષભદેવચરિત"ની આશરે ૧૩મી સદીની હસ્તપ્રતમાં ઋષભદેવ અને જૈન યક્ષિણી ચક્રેશ્વરીનાં સુંદર ચિત્રો દોરેલાં છે. "ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત"ની પ્રતના છેલ્લા ત્રણ પત્રો ઉપર હેમચન્દ્રસૂરિ, રાજા કુમારપાલ અને શ્રાવિકા શ્રીદેવીનાં મનોરમ ચિત્રો આલેખાયાં છે.

પાટણના વખતજીની શેરીના ભંડારમાંની એક પ્રતમાં ચાર સુંદર ચિત્રો અંકિત કરેલાં છે, જેમાં હેમચન્દ્રાચાર્યને વ્યાકરણનો ગ્રંથ લખવા માટે વિનંતી કરતો રાજા સિદ્ધરાજ, વ્યાકરણ ગ્રંથને અંબાડી ઉપર મૂકીને ફરતી યાત્રા પાર્શ્વનાથનું મંદિર અને વ્યાકરણ ગ્રંથની નકલ મેળવવા આનંદપ્રભ ઉપાધ્યાયને વિનંતી કરતા કર્મણ મંત્રી વગેરે પ્રસંગોના આબેહૂબ ચિત્રો આલેખેલાં છે. આ ચિત્રોમાં કલાકારની પ્રતિભા તથા કૌશલ્યના દર્શન થાય છે.

પાટણના હેમચન્દ્રાચાર્ય જ્ઞાનમંદિરમાં કલ્પસૂત્રની ૧૫મી સદીની બે હસ્તપ્રતો છે, એમાંની એક પ્રતમાં લક્ષ્મીદેવી અને ચંદ્રદેવનાં ચિત્રો મળે છે.

કાપડ પર ચિત્રાંકનો કરવાની જૈન પરંપરા ઈ૦ સ૦ ની ૧૪મી સદી જેટલી પુરાણી છે. એમાં યંત્રો, વિશ્વરચના (cosmology) યાત્રાસ્થળો અને માંગલિક ચિહ્નો જેવા વિષયોને રજૂ કરતાં કાપડ પરનાં ચિત્રો ભારત અને વિદેશોનાં સંગ્રહાલયોમાં સચવાયેલાં છે. વૈષ્ણવોની જેમ જૈનોમાં પણ કાપડ ઉપર ધાર્મિક ચિત્રો આલેખવાની પ્રથા છે. એને પટ કહેવામાં આવે છે. વીંટો વાળીને આવા પટ મંદિરમાં કે ખાનગી ગૃહોમાં સાચવી રાખવામાં આવતા.

આ પ્રકારના સૌથી પ્રાચીન ચિત્રનો નમૂનો પાટણના સંઘના ભંડારમાં સચવાયેલી "ધર્મવિધિપ્રકરણ"ની ૧૪મી સદીની હસ્તપ્રતમાં મળે છે. એમાં સરસ્વતીની સાદી આકૃતિ ચિત્રિત કરેલી છે. સંઘવી પાડાના ભંડારમાંનો ૧૫મી સદીનો કાપડ પર ચીતરેલો પંચતીર્થી પટ ખૂબ પ્રસિદ્ધ છે. આ પટ ચાંપાનેરમાં તૈયાર થયેલો છે. એમાં સાત ચિત્રોનું આલેખન કરેલું છે. મંદિરના ગર્ભગૃહમાં સર્પછત્ર ધારણ કરતા તીર્થંકર પાર્શ્વનાથની પ્રતિમા, ગિરનાર પર્વતનું દશ્ય, સમ્મેતશિખર અને પાવાગઢ ઉપરના મહાવીર સ્વામીના મંદિરનાં ચિત્રો મનોહર લાગે છે.

અમદાવાદના સારાભાઈ નવાબના સંગ્રહમાં "સૂરિમંત્ર પટ"નું ૧૪મી સદીનું ચિત્ર સંગૃહીત છે, એમાં પૂર્ણ વિકસિત પદમ ઉપર બેઠેલા, મહાવીર સ્વામીના પ્રથમ શિષ્ય ગૌતમ સ્વામીનું ચિત્ર આલેખેલું છે. સારાભાઈ નવાબના સંગ્રહમાંનો ઋષભદેવના સમવસરણનો ૧૫મી સદીના મધ્યનો એક પટ અને જંબૂદ્વીપનો ૧૬મી સદીનો એક પટ નોંધપાત્ર છે. કાપડ પર ચિત્રો આલેખવાની પ્રથા ૧૭મી સદી સુધી જૈનોમાં જળવાઈ રહી.

હસ્તપ્રતોની જાળવણી માટે વપરાતી લાકડાની પાટલીઓ ઉપર પણ લઘુચિત્રો જોવા મળે છે. આવા લાકડાની પાટલી પરનાં લઘુ ચિત્રોના સહુથી જૂના નમૂના રાજસ્થાનના જૈન ભંડારોમાં મળે છે. અમદાવાદના સારાભાઈ નવાબના સંગ્રહમાં સુરક્ષિત લાકડાની પાટલી પર ભરત અને બાહુબલિ વચ્ચેના યુદ્ધપ્રસંગનું આલેખન છે. એક પાટલી પર તીર્થંકર પાર્શ્વનાથના પૂર્વના દસ ભવો આલેખેલા છે. મુનિ પુણ્યવિજયજી સંગ્રહમાંની એક પાટલી પર મહાવીર ભગવાનના ૨૭ ભવો પૈકીના કેટલાક ભવોનું ચિત્રાંકન કરેલું જોવા મળે છે.

પાટણના બીજા ભંડારોમાં તપાગચ્છ ભંડાર, ભાભાના પાડાનો ભંડાર, વસ્તા માણેકનો ભંડાર, શ્રી હિંમત વિજયજીનો સંગ્રહ વગેરે અત્યંત મહત્ત્વના છે. જોકે આ બધા ભંડારો હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાન ભંડારને સોંપાઈ ગયા છે.

**ખંભાતના જ્ઞાનભંડારો :**

પાટણની જેમ ખંભાતે પણ સંશોધન વિદ્વાનોને આકર્ષ્યા છે. તેરમા સૈકામાં થઈ ગયેલા ગુજરાતના વિખ્યાત મંત્રી વસ્તુપાલે મોટી રકમ ખર્ચીને પાટણ, ભરૂચ અને ખંભાતમાં ગ્રંથભંડારો સ્થાપ્યા હતા. હાલમાં ખંભાતમાં મુખ્ય ચાર ગ્રંથભંડારો છે. પાયચંદ ગચ્છનો ભંડાર, જ્ઞાનવિમલસૂરિનો ભંડાર, નેમિસૂરિજીનો ભંડાર અને શાંતિનાથનો ભંડાર. આમાં શાંતિનાથનો ભંડાર સમગ્ર ગુજરાત અને રાજસ્થાનમાં સહુથી સમૃદ્ધ અને મૂલ્યવાન ભંડારોમાંનો એક છે. એમાં ગ્રંથસંખ્યા બહુ મોટી નથી. પરંતુ એની વિશિષ્ટતા એમાંની પ્રાચીન અને દુર્લભ તાડપત્રીય હસ્તપ્રતો છે. એમાં તાડપત્ર ઉપર સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં લખાયેલી આશરે દોઢસો જેટલી હસ્તપ્રતો છે. આ ભંડારની હસ્તપ્રતો ઈ૰ સ૰ ની ૧૨મી, ૧૩મી અને ૧૪મી સદી જેટલી પ્રાચીન છે. ગુજરાતની ગ્રંથસ્થ લઘુ ચિત્રકલાના સહુથી પ્રાચીન નમૂના આ ભંડારની તાડપત્રીય હસ્તપ્રતોમાંથી મળે છે. આચાર્ય હેમચન્દ્ર, તેમના શિષ્ય અને રાજા કુમારપાળનું વિખ્યાત ચિત્ર બારમા સૈકાની "દશવૈકાલિકસૂત્રની લઘુવૃત્તિ"ની હસ્તપ્રતના છેલ્લા પત્ર પર છે. એમાં આસન પર બિરાજમાન હેમચંદ્રાચાર્ય, જમણા હાથમાં તાડપત્ર રાખીને સામે બેઠેલા પોતાના શિષ્ય મહેન્દ્રસૂરિને જાણે પાઠ આપતા હોય એમ લાગે છે. મહેન્દ્રસૂરિની પાછળ બે હાથ જોડીને ઊભેલા દાઢીવાળા ગૃહસ્થની આકૃતિ રાજા કુમારપાલની જણાય છે. આ ચિત્ર આચાર્ય હેમચંદ્ર અને રાજા કુમારપાલ બંનેના જીવનકાળ દરમ્યાન દોરાયેલું હોઈ બે સમકાલીન મહાપુરુષોના ચિત્ર તરીકે પણ તેનું વિશિષ્ટ મૂલ્ય છે.

આ ભંડારનું એક અમૂલ્ય રત્ન તે "ધર્માભ્યુદયકાવ્ય"ની ૧૩મી સદીમાં લખાયેલી તાડપત્રીય પ્રત છે. મંત્રી વસ્તુપાલે પોતાના ગુરુ વિજયસેનસૂરિના ઉપદેશથી શત્રુંજયનો સંઘ કાઢ્યો હતો, એનો ઐતિહાસિક વૃત્તાંત આપવા સાથે કેટલીક ધર્મકથાઓ વર્ણવતું એ સંસ્કૃત કાવ્ય છે. એ કાવ્ય વિજયસેનસૂરિના શિષ્ય ઉદયપ્રભસૂરિએ રચેલું છે. આખાયે કાવ્યની વસ્તુપાલના સ્વહસ્તાક્ષરે ખંભાતમાં જ થયેલી નકલ ત્યાં સચવાયેલી છે. આ ઉપરાંત બૌદ્ધ વિદ્વાનોના ગ્રંથો, સુભાષિત સંગ્રહો, ફારસી શબ્દોનો સંસ્કૃતમાં અર્થ આપતો શબ્દકોશ જેવા સંસ્કૃત-પ્રાકૃત અને ઇતર સાહિત્યની વિવિધ શાખાઓના કેટલાયે ગ્રંથોની પ્રાચીન પ્રતો ઉપલબ્ધ છે. એમાંની કેટલીય હસ્તપ્રતો ગુજરાતના ચૌલુક્ય અને વાઘેલા રાજાઓના સમયમાં લખાયેલી છે. આ ગ્રંથોમાંથી ગુજરાતના સામાજિક અને ધાર્મિક ઇતિહાસ પ્રાચીન ગામોના સ્થાનિક ઇતિહાસ તેમ જ પ્રાચીન મધ્યકાલીન ગુજરાતની સંસ્કાર અને સાહિત્ય પ્રવૃત્તિઓ વિશે ઉપયોગી માહિતી મળે છે. ખંભાતના આ પ્રાચીન ગ્રંથભંડારો માત્ર ગુજરાતની જ નહિ, પરંતુ સમસ્ત ભારતની મોંઘી વિદ્યાસંપત્તિ છે.

આ ભંડારમાં સંગૃહીત "નેમિનાથચરિત"ની ૧૩મી સદીની પ્રતમાં જૈન તીર્થંકર નેમિનાથ, અંબિકા દેવી અને અંજલિમુદ્રામાં શ્રાવક-શ્રાવિકાનાં ચિત્રો આલેખેલાં છે. બીજી એક ૧૨મી સદીની સચિત્ર પ્રતમાં બે ચિત્રો દોરેલાં છે, જેમાંના એકમાં પદ્માસન પર બેઠેલ મહાવીર સ્વામીનું અને બીજા ચિત્રમાં ત્રિભંગ અવસ્થામાં ઊભેલાં ચતુર્ભુજ સરસ્વતીનું સુંદર આલેખન છે.

ખંભાતના પાયચંદ ગચ્છના ભંડારમાં ૧૫૦૦ જેટલી હસ્તપ્રતો જળવાયેલી છે, જેમાંની કેટલીક તાડપત્ર પર લખાયેલી છે. જ્ઞાનવિમલસૂરિના ભંડારમાં આ જ સૂરિની લખેલ સંસ્કૃત અને ગુજરાતની ભાષાની કેટલીક રચનાઓ પણ જોવા મળે છે. આચાર્ય નેમિસૂરિજીના ગ્રંથ ભંડારમાં આશરે વીસ હજાર જેટલી પ્રાચીન પ્રતો છે. નેમિસૂરિજીએ જૈન દૃષ્ટિએ વિશ્વવિદ્યા (cosmology) નું નિરૂપણ કરતો લોક પ્રકાશ નામનો ગ્રંથ જૂનાગઢમાં રચેલો. એમના પોતાના હસ્તાક્ષરોવાળી પ્રત અહીં સચવાયેલી છે.

**અમદાવાદના હસ્તપ્રત ભંડારો :**

**ભો૰ જે૰ અધ્યયન - સંશોધન વિદ્યાભવન હસ્તપ્રત સંગ્રહ :**

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના નામે ઓળખાતી ગુજરાત વિદ્યાસભાએ એના મૂળ સ્થાપક એલેકઝાંડર ફોર્બ્સના સમયથી હસ્તપ્રતોનો સંગ્રહ કરવાનું કાર્ય શરૂ કરેલું. સંસ્થાના ઉત્તરોત્તર વિકાસના પરિણામે ભેટરૂપે પ્રાપ્ત થયેલી અથવા ખરીદેલી હસ્તપ્રતોની સંખ્યા લગભગ ૨૦૦૦ જેટલી થયેલી છે. ૧૯૪૬માં ગુજરાત વિદ્યાસભાનો ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગ ભો૰ જે૰ વિદ્યાભવનના નામે વિકસ્યો. ત્યારથી આ સંસ્થાના મ્યુઝિયમમાં આ હસ્તલિખિત સંગ્રહ સુરક્ષિત છે. હાલ આ મ્યુઝિયમમાં સંસ્કૃત, પ્રાકૃત, જૂની ગુજરાતી, હિંદી, વ્રજ, મરાઠી, બંગાળી, અરબી-ફારસી જેવી ભાષાઓમાં લખાયેલી લગભગ ૧૦,૦૦૦ જેટલી હસ્તપ્રતો સંગૃહીત છે. મોટા ભાગની હસ્તપ્રતો કાગળ ઉપર લખાયેલી છે. કેટલીક કાપડ અને તાડપત્ર ઉપર પણ લખાયેલી મળે

છે, તાડપત્રીયપ્રતો કન્નડ, તેલુગુ, મલયાલમ જેવી દક્ષિણ ભારતની લિપિઓમાં લખાયેલી છે અને ઈ૰સ૰ ની ૧૫થી ૧૯મી સદી સુધીની છે.

આ હસ્તપ્રતો વેદ-વેદાંગ, ઇતિહાસ પુરાણ, બૌદ્ધ સાહિત્ય, જૈન સાહિત્ય, ભક્તિ, તંત્ર, કાવ્ય, વ્યાકરણ, કોશ, નાટ્ય, શિલ્પ, અલંકાર, કામશાસ્ત્ર, આયુર્વેદ, જ્યોતિષ, કોશ જેવા વિવિધ વિષયોને લગતી છે.

આ સંગ્રહમાં ૧૮ જેટલી સચિત્ર હસ્તપ્રતો છે જેમાં સપ્તશતી, શ્રીમદ્ ભાગવત, કલ્પસૂત્ર, મધુમાલતી કથા જેવી સુંદર ચિત્રોવાળી હસ્તપ્રતોનો સમાવેશ થાય છે.

૧૮મી સદીની ગીત-ગોવિંદની સચિત્ર પ્રતમાં વિષ્ણુના દશાવતારોનાં ચિત્ર અને રાધાકૃષ્ણના મિલન-વિરહના પ્રસંગો ભાવપૂર્ણ રીતે આલેખાયેલા છે. ફારસી લિપિમાં લખાયેલી સચિત્ર હસ્તપ્રતો પણ અહીં જળવાયેલી છે. જ્યોતિષને લગતાં સળંગ સચિત્ર ઓળિયા (વીંટા-scroll) અને જૈન સૂરિઓ અને સાધુઓને તેમ જ તેમના સંઘને યાત્રા દરમ્યાન આમંત્રણ આપતું એક સચિત્ર વિજ્ઞપ્તિપત્ર (૧૮મી સદીનું) ઉપલબ્ધ છે.

"બાબીવિલાસ" જેવી ઐતિહાસિક કૃતિઓ મેદપાટ પુરાણ, કાયસ્થ પદ્ધતિ જેવી જ્ઞાતિવિષયક હસ્તપ્રતો તેમ જ મંડપદુર્ગ જેવી સ્થાપત્યની હસ્તપ્રતો પણ અહીં છે.

આમાંની કેટલીક હસ્તપ્રતો સુંદર વેલબુટ્ટાની આકૃતિઓથી શણગારાયેલી, કોઈક સોનેરી શાહીથી લખેલી, લાલ કાળી શાહીના લખાણવાળી છે.

આ મ્યુઝિયમમાં ખેતરો, મકાન કે હાટના ખરીદ-વેચાણ કે ગીરો અંગેના, પલ્લાની ફારગતી અંગેના, મિલકતની વહેંચણીને લગતા ૧૫૦ જેટલા ખતપત્રો (દસ્તાવેજો) છે. ઈ૰ સ૰ની ૧૪મી સદીથી ૧૯મી સદી સુધીના છે. આ દસ્તાવેજો સાંકડા કાગળ કે કાપડની પટ્ટી પર સળંગ લખેલા છે. લાંબા હોવાથી વીંટો વાળીને સાચવવા પડે છે. આવા ખતપત્રોમાંથી તત્કાલીન રાજકીય, સાંસ્કૃતિક, આર્થિક અને સામાજિક માહિતી મળે છે.

આ ખતો સંસ્કૃત તેમ જ અરબી-ફારસીમાં લખેલા છે. આ ઉપરાંત આ મ્યુઝિયમમાં રમતનાં ચિત્રિત પાનાં ખાસ નોંધપાત્ર છે. આવાં પાનાંઓની સંખ્યા ૧૫૦ની છે. ગોળાકાર પાનાંઓ ઉપર પશુપંખીની આકૃતિઓ છે. પાનાંઓ પરની સંખ્યા કલાત્મક રીતે આલેખવામાં આવી છે. એકની સંખ્યા દર્શાવવા ઘોડા ઉપર સવાર થયેલી રાજાની આકૃતિ અંકિત કરેલી છે. ઘોડાનું આલેખન જીવંત અને ગતિમય લાગે છે.

રાજાની વેશભૂષા રાજપૂત છે. એણે ધારણ કરેલ આયુધો અને અલંકારો ચિત્રની સમૃદ્ધિમાં વધારો કરે છે. કેટલાંક પાનાંના સંખ્યાંક દર્શાવવા છત્રી, લીલાં પાંદડાં કે પર્વતનું આલેખન કરેલું કલાત્મકતા લાવવા લીલાં, પીળાં અને કાળા ટપકાંનો ઉપયોગ કરાયો છે. પશુ પક્ષીઓમાં ઘોડો, મયૂર, પોપટ વગેરેનું આલેખન સુંદર આબેહૂબ અને સહજ છે.

**લા૦ દ૦ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર હસ્તપ્રત સંગ્રહ :**

આ સંસ્થામાં લગભગ પંચાવન હજાર જેટલી હસ્તપ્રતોનો અમૂલ્ય ખજાનો સંગૃહીત છે. મુનિશ્રી પુણ્યવિજયજીનો પોતાનો હસ્તલિખિત ગ્રંથોનો સમગ્ર ખજાનો આ ભંડારને ભેટ મળેલો છે. એ પછી હસ્તલિખિત ગ્રંથોના અનેક નાના મોટા ગ્રંથભંડારો આ જ્ઞાનમંદિરને ભેટ મળતા રહ્યા છે. આ સંસ્થાનો આટલો મોટો સંગ્રહ માત્ર એક જ વ્યક્તિનો પરિપાક નથી. પરંતુ આગમ પ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી તેમના ગુરૂ ચતુર્વિજયજી તથા પ્રવર્તક કીર્તિવિજયજીના પરિશ્રમને આભારી છે. આ હસ્તપ્રત સંગ્રહમાં જૈન અને જૈનેતર સાહિત્યના અમૂલ્ય ગ્રંથો છે. એ બધા ગ્રંથો સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, જૂની ગુજરાતી, રાજસ્થાની વગેરે ભાષાઓમાં લખાયેલા છે. હસ્તપ્રતો ઈ૦ સ૦ની ૧૨મી સદી સુધીની મળે છે.

હસ્તપ્રતોનાં સૂચિપત્રો પણ પ્રકાશિત થયાં છે. લા૦ દ૦ વિદ્યામંદિરના સંગ્રહમાં ૫૫૩ જેટલી સચિત્ર હસ્તપ્રતો છે, જેમાં તાડપત્રની અને કાગળની હસ્તપ્રત ઉપરાંત, ગુટકા અને છૂટાં પટ્ટરૂપે પણ મળે છે. અહીંની ૧૮મી સદીની કલ્પસૂત્રની એક હસ્તપ્રતમાં રાજસવારીનાં દશ્યો જોવા મળે છે. કેટલીક કાગળની હસ્તપ્રતોમાં ભગવાન તીર્થંકરના જીવનપ્રસંગો આલેખાયેલા છે.

ઈ૦ સ૦ની ૧૮મી સદીની કલ્પસૂત્રની કાગળ પરની સચિત્ર હસ્તપ્રતો ગુજરાત-સૌરાષ્ટ્રના જૈન ભંડારોમાં સચવાયેલી છે. આ હસ્તપ્રતોમાં તીર્થંકર ભગવાનના જીવન પ્રસંગો, ખાસ કરીને જન્મ, વિવાહ, કેશલોચ, દીક્ષા, ધર્મોપદેશના પ્રસંગો આલેખાયેલા હોય છે. લા૦ દ૦ વિદ્યામંદિરમાં સંગૃહીત ૧૮મી સદીની કલ્પસૂત્રની એક પ્રતમાં રાજસવારીનાં દશ્યોમાં પુરુષ અને સ્ત્રી-પાત્રોની વેશભૂષા મરાઠી જોવા મળે છે. અહીં ''સંગ્રહણીસૂત્ર''ની બાર સચિત્ર પ્રતો મળે છે. સંગ્રહણીસૂત્ર એ જૈન પરંપરા પ્રમાણે બ્રહ્માંડની ઉત્પત્તિને લગતો ગ્રંથ છે. એમાં તીર્થંકરો, દેવ-દેવીઓ, ગંધર્વો, યક્ષ-યક્ષીઓ, સૂર્ય, ચંદ્ર, પર્વતો, નદીઓ અને વૃક્ષોનું આલેખન કરવામાં આવ્યું છે. ''અઢાર શીલાંગ રથ''ની ૧૮મી સદીની અઢાર ચિત્રોવાળી પ્રત છે. લાકડાના લાંબા રથમાં સાધુએ પાળવાના આચારનાં નામોવાળાં પાનાં પાડેલાં છે. રથની ઉપર મધ્યમાં જે તે તીર્થંકર ભગવાનનું ચિત્ર છે. રથને હાંકનાર સારથિએ ઘોડાની લગામ પોતાના જમણા હાથમાં પકડી છે. આખું ચિત્ર જાણે ગતિમાં હોય તેમ લાગે છે.

૧૭મી - ૧૮મી સદીની કાગળ પરની ધન્નાશાલિભદ્રરાસની પ્રતોમાં ચિત્રાલેખન જોવા મળે છે. એમાં આલેખાયેલાં ચિત્રોમાં શાલિભદ્રની માતા ધન્ના, શાલિભદ્રના જીવનપ્રસંગો, શાલિભદ્ર અને મગધરાજ શ્રેણિકની મુલાકાતનો પ્રસંગ ઇત્યાદિ નોંધપાત્ર છે. "લોકપ્રકાશ" નામની એક પ્રતમાંના એક ચિત્રમાં ચક્રવર્તી રાજાના રાજ્યાભિષેકનું ચિત્ર છે. રાજ્યાભિષેક વખતે રાજાની પૃથ્વીનાં જુદાં જુદાં પવિત્ર જળથી કેવી રીતે અભિષેક થતો એનું આલેખન છે. શ્રી પાલરાસની એક ૧૯મી સદીની હસ્તપ્રતમાં રાસના કથા- પ્રસંગ આલેખતાં સુંદર ચિત્રો છે, જેમાંનું એક ચિત્ર ધવલ શેઠની કલાને લગતું છે. વહાણનાં ચિત્રોમાં બ્રિટિશરોની યુનિયન જેક ધ્વજ સ્પષ્ટ દેખાય છે.

સંસ્કૃત સાહિત્યના મહાન કવિ કાલિદાસની બે કૃતિઓ મેઘદૂત અને કુમારસંભવની સચિત્ર કાગળ પર લખાયેલી પ્રતો અહીં સચવાયેલી છે. ઈ૰ સ૰ની ૧૭મી સદીમાં પરતરગચ્છના સાધુ ઉદય હર્ષે લખેલી મેઘદૂતની પ્રતમાં કુલ પાંચ ચિત્રો છે. એમાં સરસ્વતીનું ચિત્ર, રામગિરિ આશ્રમ પર વિરહી યક્ષનું ચિત્ર, સ્વર્ગની અલકાપુરી નગરીનું ચિત્ર, વિરહિણી યક્ષિણીનું ચિત્ર અને પ્રેમીઓના મિલનનું દશ્ય રેખાંકિત કરાયું છે.

કુમારસંભવની ૧૭મી સદીના પૂર્વાર્ધની પ્રતમાં પશ્ચિમ ભારતીય ચિત્ર-શૈલીમાં સરસ્વતી અને અર્ધનારીશ્વર પાર્વતી પરમેશ્વરનાં મનોરમ આલેખનો મળે છે.

જૈન પરંપરા અનુસાર જૈન આચાર્યો અને મુનિઓને જુદાં જુદાં શહેરો કે નગરોના જૈન સંઘ પોતાને ત્યાં પર્યુષણ કરવા અને ચતુર્માસ ગાળવા નિમંત્રણ આપતા. આ નિમંત્રણપત્રો વ્યવસ્થિત રીતે તૈયાર કરવામાં આવતાં અને એમાં ચિત્રોનું આલેખન કરવામાં આવતું. ચિત્રોમાં ધાર્મિક અને નગરનો મહિમા બતાવતાં ચિત્રો આલેખાતાં. નગરજનો જૈન સાધુઓનાં દર્શન કરવા અને એમનાં વ્યાખ્યાનો સાંભળવા કેટલા ઉત્સુક છે એનું વર્ણન કરવામાં આવતું. નગરની ભૌતિક અને કુદરતી સમૃદ્ધિનું સચિત્ર વર્ણન કરાતું. આ પ્રકારના નિમંત્રણને જૈન પરિભાષામાં વિજ્ઞપ્તિપત્ર કહે છે. એમાં સાલ અને તિથિ આપેલી હોવાથી ઐતિહાસિક દષ્ટિએ એનું મહત્ત્વ ઘણું છે.

અમદાવાદમાં દેવશાના પાડાના ભંડારમાં "શ્રીપાલરાસ"ની એક ચિત્રિત હસ્તપ્રત છે. એમાં વેપાર માટે સુરત આવતાં વહાણોનાં ચિત્રાંકનો આબેહૂબ છે. કેટલાંક ચિત્રોમાં વૃક્ષો વનરાજિઓનાં દશ્યો અંકિત કરેલાં છે, જેમાં ચિત્રકારનાં પ્રકૃતિપ્રેમનું દર્શન થાય છે. કેટલાંક ચિત્રોમાં ગીત-સંગીત અને નૃત્યનું આલેખન કરેલું છે. પુરુષોના હાથમાં વીણાનું ચિત્રણ વિશિષ્ટ અને નોંધપાત્ર છે.

ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામમાં ચિત્રિત શ્રીપાલરાસની એક હસ્તપ્રત અમદાવાદના ડહેલાના ઉપાશ્રયમાં છે. આ પ્રતનાં ચિત્ર ઉત્તર ગુજરાતની વિશિષ્ટ ગ્રામીણ શૈલીમાં આલેખાયેલાં છે. પેથાપુરનાં લોકોનાં મકાનોની દીવાલો પર જે ચિત્રો જોવા મળે છે, તેવી જ શૈલીનાં ચિત્ર આ પ્રતમાં ચીતરેલાં છે. પુરુષપાત્રોનાં પાઘડી, લાંબી બાંયનાં અંગરખા, પટાદાર ધોતિયાં અને ખેસનું આલેખન આકર્ષક છે. સ્ત્રી-પાત્રો ઘેરા વાદળી રંગની ઓઢણી અને લાલ રંગનો ચણિયો ધારણ કરેલ દર્શાવાયાં છે. ચિત્રોમાં પશુપક્ષી અને વનરાજિનું આલેખન મનોહર છે.

હિંદુ અને જૈન પરંપરામાં સાધુઓ અને સંસારીઓ માટે જે જ્ઞાનચોપાટ તૈયાર કરાતી, તેમાં ચિત્રોનું આલેખન કરવામાં આવતું. એમાં દેવલોકનું, સર્પોની સીડીઓનું, નવગ્રહોનું તેમ જ જીવયોનિઓનું આલેખન કરાતું. આવી એક ૧૯મી સદીની ચિત્રિત જૈન જ્ઞાનચોપાટ આ સંસ્થામાં સુરક્ષિત છે. જૈન સાધુઓ અને શ્રાવકોને આ જ્ઞાનચોપાટ બતાવી જુદી જુદી જીવયોનિઓ વિવિધ પ્રકારના દેવલોક, સ્વર્ગ અને નરક તેમ જ મોક્ષનો ખ્યાલ આપતી જ્ઞાનચોપાટ હિંદુ પરંપરામાં પણ તૈયાર કરાવવામાં આવતી, જેમાં ૮૪ કોઠાઓનું આલેખન કરાતું. આ ૮૪ કોઠાઓ ૮૪ લાખ યોનિનું પ્રતીક મનાતા.

ગુજરાત અને રાજસ્થાનના લોકસાહિત્યમાં ગોપીચંદની કથા ઘણી લોકપ્રિય છે. આ ગોપીચંદની કથા વર્ણવતો "ગોપીચંદ કી શાબ્દી" નામનો હિંદુપટ આ સંસ્થામાં સચવાયેલો છે. એમાં આ રાજાના જીવનને લગતાં ચિત્રોનું આલેખન કરેલું છે. આ ચિત્રોનો સમય આશરે ૧૮મી સદીનો છે. ચિત્રોની શૈલી પશ્ચિમ-ભારતીય છે. પાત્રોની વેશભૂષા રાજસ્થાની છે.

બીજા એક હિંદુપટમાં કોઈ હિંદુ ધર્મગુરુના ગાદીવારસા વખતના પ્રસંગોનું જુદાં જુદાં દૃશ્યોમાં આલેખન કરાયું છે. ૧૯મી સદીના પૂર્વાર્ધમાં આ કપડાના પટ્ટમાં જુદા જુદા ખંડ પાડી પ્રસંગની ઉજવણીનાં દૃશ્યો ચીતરેલાં છે. એના એક દૃશ્યમાં નટનર્તકી ઊંધા માથે નૃત્ય કરતાં કરતાં પગની મદદથી તીર છોડતી બતાવાઈ છે. એની બાજુમાં એને મદદ કરનાર બીજી નટનર્તકી ઊભી છે. અંગકસરતના દાવ સાથે નૃત્ય દર્શાવતું આ ચિત્ર એ સમયની નૃત્યકલાની ઝાંખી કરાવે છે. બીજા એક ચિત્રમાં નૃત્યકાર સ્ત્રી એક હાથમાં કપડાનું બનાવેલું કમળનું ફૂલ રાખી નૃત્ય કરતી જોવા મળે છે. એના માથા પર પાંચ ગાગરનું બેડું છે. એની પાછળ હાથમાં ઘૂઘરાની પટ્ટી લઈ બે વાદક સ્ત્રી નૃત્ય કરી રહી છે. પુરુષપાત્ર બે હાથમાં મંજીરા વગાડે છે. સ્ત્રીપાત્ર મૃદંગ વગાડે છે. એક પુરુષ સારંગી જેવું વાદ્ય વગાડે છે. આ સમગ્ર ચિત્ર ગુજરાત-સૌરાષ્ટ્રમાં લોકપ્રિય હાલના બેડા-નૃત્યનો ખ્યાલ આપે છે.

**આખ્યાનો અને ચિત્ર :**

ગુજરાતી ભાષામાં લખાયેલ મધ્યકાળના કવિ પ્રેમાનંદનાં આખ્યાનોની હસ્તપ્રતો આ સંગ્રહમાં ઉપલબ્ધ છે. "કુંવરબાઈના મામેરા"ની ૧૯મા સૈકાની હસ્તપ્રતમાંના એક ચિત્રમાં વહેલમાં બેસીને જતાં શેઠશેઠાણીનું આલેખન ભાવવાહી છે. પણ વેશભૂષા સૌરાષ્ટ્રની છે. વહેલ લાકડાની બનાવેલી છે. એમાં કોતરકામ અને ચિત્રકામ આકર્ષક છે. શણગારેલા બળદથી હંકારાતી આ વહેલનાં પૈડાં જાણે ગતિમાન દર્શાવાયાં છે.

જૈનેતર ચિત્રકલાનો વિકાસ વૈષ્ણવ, શૈવ અને શાક્ત સંપ્રદાયો દ્વારા થયો. વૈષ્ણવ સંપ્રદાયની અસર નીચે લિપિબદ્ધ થયેલી હસ્તપ્રતોમાં જયદેવ કવિનું ગીતગોવિંદ, બાલગોપાલસ્તુતિ અને નારાયણ કવચ મુખ્ય છે. શૈવ સંપ્રદાયની અસર નીચે લખાયેલ કાગળની હસ્તપ્રતમાં શિવકવચ અને છાયા પુરુષજ્ઞાન મહત્ત્વની છે. એમાં ભગવાન શિવનાં ચિત્રોનું આલેખન કરેલું છે. છાયાપુરુષ જ્ઞાનની ૧૮મા સૈકાની એક હસ્તપ્રત આ સંગ્રહમાં છે. એમાં વાઘ પર બેઠેલા શિવનું ચિત્ર અત્યંત આબેહૂબ, મોહક અને આકર્ષક છે. શિવે કંઠમાં ખોપરીની માળા પહેરી છે. જટામાં સર્પ, બે હાથમાં ડમરું અને ત્રિશૂળ ધારણ કરેલ છે.

શાક્ત સંપ્રદાયની હસ્તપ્રતોમાં દેવી ભાગવત, ચંડીપાઠ માહાત્મ્ય જેવા ગ્રંથો મળે છે. આ સંસ્થામાં ૧૮મી સદીની એક દેવી ભાગવતની હસ્તપ્રતમાં દેવીનાં જુદાં જુદાં સ્વરૂપોનાં ચિત્ર આલેખાયેલાં છે. એમાં મહિષાસુરમર્દિનીનું એક જીવંત ચિત્ર નોંધપાત્ર છે.

સૂર્યના ઉપાસકોનો સૌર સંપ્રદાય કહેવાય છે. આ સંપ્રદાયની સૂર્ય સહસ્રનામસ્તોત્રની

૧૮મા સૈકાની કાગળ પરની હસ્તપ્રત સચવાયેલી છે. એમાં ભગવાન સૂર્યના માનુષસ્વરૂપનું ચિત્ર આલેખેલું છે. સૂર્યનો રથ સાત ઘોડાઓથી હંકારાય છે. રથ હાંકનાર સારથિની પાઘડી મરાઠી ઢબની છે. સારથિએ એક હાથમાં ઘોડાઓની લગામ પકડી છે, તો બીજા હાથમાં પાતળો દંડ ધારણ કરેલ છે. રથની મધ્યમાં સૂર્યનું મસ્તક પ્રભામંડળની સાથે દર્શાવેલું છે. આખું ચિત્ર લયયુક્ત ગતિમાં હોય એમ જણાય છે.

ગુજરાત રાજ્યના દફતર ભંડારમાં પ્રેમાનંદની ભાગવત દશમસ્કંધની એક ગુજરાતી ભાષાની સચિત્ર હસ્તપ્રત સંગૃહીત છે. વડોદરા પાસેના માંડવીમાં લખાયેલી આ હસ્તપ્રતમાં કુલ ૩૬૫ ચિત્રો છે. ચિત્રોનો સમય ૧૮મી સદીનો ઉત્તરાર્ધ અને ૧૯મી સદીનો પૂર્વાર્ધ જણાય છે. એમાં બકાસુરવધ, પૂતનાવધ, અઘાસુરવધ, કૃષ્ણની બાળ લીલા, નાગદમન વગેરે પ્રસંગોનાં ભાવવાદી આલેખનો છે. વેશભૂષા પરંપરાગત ગુજરાતી છે. એક ચિત્રમાં બાળકને સૂવાના પારણાનું આલેખન કરેલું છે, જે સંખેડાની કાષ્ઠકલાની યાદ તાજી કરાવે છે. ચિત્રોને ઉઠાવ આપવા હાંસિયામાં વેલ બુટ્ટાની કલાત્મક ભાત ઉપસાવેલી છે. કવિ પ્રેમાનંદે જે ભાવ કવિતામાં વ્યક્ત કર્યો છે, તેને જ ચિત્રકારે રંગ અને રેખામાં અભિવ્યક્ત કર્યો છે.

અમદાવાદમાં દેવશાના પાડાના દયા વિમલજી ભંડારમાં આશરે ૧૫મી સદીની કલ્પસૂત્રની સચિત્ર સુવર્ણાક્ષરી હસ્તપ્રત સગૃહીત છે, જેમાં રાગ રાગિણીઓ જેવા સંગીત શાસ્ત્રનાં તથા આકાશચારી, પાદચારી અને ભોમચારી જેવા ભરતનાટ્યશાસ્ત્રનાં રૂપો ચીતરેલાં છે.

પાંજરાપોળના વિજયનેમિસૂરિ જ્ઞાનભંડારમાં શાંતિનાથ ચરિતની ચિત્રિત લાકડાની પટ્ટી છે. અમદાવાદમાંના ઉજમફોઈની ધર્મશાળાના ગ્રંથ ભંડારમાંથી એક ૧૪મી સદીની પ્રતમાં મહાવીરનું ચ્યવન, જન્મ નિર્વાણ સમવશરણ વગેરે પ્રસંગો ચીતરેલા છે.

ગૂજરાત વિદ્યાપીઠના ગ્રંથાલયમાં ૪૩૭ જેટલી હસ્તપ્રતોનો સંગ્રહ થયેલો છે. એમાં સંસ્કૃત, પ્રાકૃત, હિંદી અને ગુજરાતી ભાષાની હસ્તપ્રતો છે. આ હસ્તલિખિત ગ્રંથો, વેદ, ઉપનિષદ ઈતિહાસ-પુરાણ, છંદ, જ્યોતિષ, કર્મકાંડ, વ્યાકરણ જેવા વિષયોને લગતા છે.

**વડોદરાનો પ્રાચ્યવિદ્યા મંદિર હસ્તપ્રત સંગ્રહ :**

મહારાજા સયાજીરાવ ત્રીજાના અપૂર્વ પ્રયાસ અને ભારતીય સાહિત્ય તેમ જ સંસ્કૃતિ પ્રત્યેની એમની અપાર પ્રેમભક્તિને પરિણામે વડોદરામાં હસ્તપ્રતોનો વિશાળ ભંડાર અસ્તિત્વમાં આવી શક્યો છે.

વડોદરાની સેન્ટ્રલ લાઇબ્રેરીમાંની સંસ્કૃત હસ્તપ્રતોને જુદી તારવી તેનો સ્વતંત્ર વિભાગ પ્રાચ્ય વિદ્યા મંદિર નામે અસ્તિત્વમાં આવ્યો. આ સંસ્થામાં ૨૦,૦૦૦ જેટલી હસ્તપ્રતોનો સંગ્રહ સુરક્ષિત છે. હસ્તપ્રતોનાં સૂચિપત્રો પ્રકાશિત થયેલાં છે. આ સંગ્રહમાં વેદ, ઉપનિષદ, સ્મૃતિ, વેદાંત, વ્યાકરણ વગેરે વિષયોની હસ્તપ્રતો સચવાયેલી છે. કેટલીક હસ્તપ્રતો દક્ષિણ ભારતની તેલુગુ, કન્નડ, ગ્રંથ, મલયાલમ અને ઉત્તર ભારતની બંગાળી, શારદા, નેવારી, ઉડિયા જેવી

લિપિઓમાં લખાયેલી છે. કેટલીક જૈનેતર હસ્તપ્રતો અહીં સચવાયેલી છે, જેમાંની હરિલીલા ષોડશકલા નામના સંસ્કૃત ગ્રંથમાંથી ગુજરાતી રૂપાંતર કરેલ ગ્રંથની સચિત્રપ્રત મળે છે. એમાં ગોવર્ધન ધારણ અને પાર્વતીદક્ષ પ્રજાપતિનાં ચિત્રો આલેખાયેલાં છે. આ પ્રસંગોનાં ચિત્રો અત્યંત મોહક છે.

"પંચરત્ન ગીતા"ની સચિત્ર ગુટકો પણ અહીં છે. એમાં ભગવદ્‌ગીતાનાં ચિત્રો નોંધપાત્ર છે. એના દસમા અધ્યાય વિભૂતિયોગમાં શ્રીકૃષ્ણ અર્જુનને સૃષ્ટિમાં સર્વ સર્જનોમાં જે શ્રેષ્ઠતાનો અંશ છે તે પરમાત્માનો છે, એ પ્રકારે સમજાવતાં ચિત્રો આલેખ્યાં છે.

વડોદરાના હંસવિજયજી સંગ્રહમાં કલ્પસૂત્રની ૧૫મી સદીની સોનેરી શાહીથી લખાયેલી હસ્તપ્રતમાં ૮ ચિત્રો અને અપ્રતિમ કારીગરીવાળી સુંદર ૭૪ કિનારો છે.

છાણીના જૈન ગ્રંથ ભંડારો :

વડોદરા પાસેના છાણી ગામમાં ત્રણ જેટલા ભંડારો છે. કાંતિવિજયજી સંગ્રહમાં કુલ ૧૧૨૦ કાગળની અને ૩ તાડપત્રીય હસ્તપ્રતો સંગૃહીત છે. એમાં ચાંદીની શાહીથી લખેલ ૧૭મી સદીની કલ્પસૂત્રની હસ્તપ્રત નોંધપાત્ર છે. અહીંના વીરવિજયજી શાસ્ત્રસંગ્રહમાં "ઓઘનિર્યુક્તિ" ગ્રંથની ઈ૰ સ૰ની ૧૨મી સદીની (૧૧૬૧) પ્રત છે, જેમાં ૧૬ વિદ્યાદેવીઓ, સરસ્વતી, લક્ષ્મી, અંબિકા, બ્રહ્મશાંતિયક્ષના મળી કુલ ૨૧ ચિત્રો જૈન મૂર્તિવિધાનની દૃષ્ટિએ મહત્ત્વનાં છે. આ ઉપરાંત અભયસાગરજી મહારાજના ભંડારમાં પણ હસ્તપ્રતો સંગૃહીત છે. શ્રીમદ્ ભાગવતની સંપૂર્ણ હસ્તપ્રત પણ અહીં ઉપલબ્ધ છે.

ઈડરના શેઠ આણંદજી મંગળજીની પેઢીના ગ્રંથ ભંડારમાં કલ્પસૂત્ર અને કાલકકથાની ૧૪મી-૧૫મી સદીની સચિત્ર પ્રત છે. તાડપત્રની પ્રત ઉપર સોનાની શાહીથી ચિત્રો આલેખેલાં છે. એ આ પ્રતની વિશેષતા છે. કલ્પસૂત્રના વધુમાં વધુ પ્રસંગો આ પત્રમાં સ્થાન પામ્યા છે. અષ્ટ માંગલિક, મહાવીરનો જન્મ, પાર્શ્વનાથનો જન્મ, નિર્વાણ, એમના યક્ષ-યક્ષી, ઋષભ દેવનું નિર્માણ વગેરે ચિત્રો ખૂબ આકર્ષક અને નોંધપાત્ર છે.

આ ઉપરાંત જામનગરની આયુર્વેદ યુનિવર્સિટીમાં પણ હસ્તપ્રતો સંગૃહીત છે. સુરતના સરદાર પટેલ મ્યુઝિયમ, રાધનપુર જૂનાગઢ ભાવનગર, મહુવા, પાલિતાણા, લીંબડી, બોટાદ જેવાં સ્થળોએ જ્ઞાનભંડારો છે, જેમાં હજારોની સંખ્યામાં આપણો પુરાણો હસ્તલિખિત વારસો સચવાયેલો છે. લીંબડીના જૈન જ્ઞાન ભંડારમાં કલ્પસૂત્રની સચિત્ર સુવર્ણાક્ષરી હસ્તપ્રત છે. જામનગરમાં કલ્પસૂત્ર-કાલક કથા (ઈ૰ સ૰ ૧૫૦૧)ની સચિત્ર હસ્તપ્રત છે.

૧૮૮૬માં સ્થપાયેલી નડિયાદની ડાહીલક્ષ્મી લાઈબ્રેરીમાં અપ્રગટ હસ્તપ્રતોનો ભંડાર સચવાયેલો છે. એમાં સંસ્કૃત, ગુજરાતી ભાષાની હસ્તપ્રતો વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે. આ બધી કાવ્ય, જ્યોતિષશાસ્ત્ર, યોગ, સંગીત, વિજ્ઞાન, આયુર્વેદ વગેરે વિષયોને લગતી હસ્તપ્રતો અહીં જોવા મળે છે.

અમદાવાદ નજીક કોબામાં પણ જૈન જ્ઞાન ભંડાર અસ્તિત્વમાં આવ્યો છે. એમાં જૈન અને જૈનેતર સા૰ની હ૰ પ્ર૰ વિપુલ સંખ્યામાં છે. અહીંની ઈ૰ સ૰ની સદીની કલ્પસૂત્ર "બાલાવબોધ"ની સચિત્ર હસ્તપ્રત નોંધપાત્ર છે.

આમ ગુજરાતના જ્ઞાનભંડારો એ ભારતીય સંસ્કૃતિ અને સાહિત્યના ભવ્ય વારસા સમાન છે. એ વર્તમાન યુગના અને ભાવિ પેઢીના ભારતીય વિદ્યાના ઉપાસકો અને વિદ્વાનોની મોટી મૂડી સમાન છે, જેમને આ ભંડારોમાં સચવાયેલી જ્ઞાનસંપત્તિની પરિભાષા, લિપિ તથા અન્ય સંકેતોનું જ્ઞાન છે, તેને માટે આ જ્ઞાનભંડારો દિવ્ય ખજાના રૂપ છે. ભારતીય લિપિઓના અધ્યયન માટે, દુર્લભ ગ્રંથોની હસ્તપ્રતોના તુલનાત્મક અભ્યાસ અને સંશોધન માટે તેમ જ પ્રાચીન અને મધ્યકાલીન ઇતિહાસની સાહિત્યિક અને સાંસ્કૃતિક માહિતી મેળવવા માટે આવા જ્ઞાનભંડારો ખૂબ ઉપયોગી નીવડે તેમ છે.

# સાહિત્યમીમાંસામાં વિચારાયેલું રસસ્વરૂપ

પારુલ માંકડ

'સાહિત્ય-મીમાંસા'-(સા૦ મી૦) રુય્યકની કૃતિ કહેવાઈ છે અને સ્વયં રુય્યકે 'વ્યક્તિવિવેકવ્યાખ્યાન'[૧] તથા 'અલંકારસર્વસ્વ'[૨]માં તેનો ઉલ્લેખ કર્યો છે. વિદ્યાનાથે તેમના 'પ્રતાપરુદ્રયશોભૂષણ'[૩] (અથવા પ્રતાપરુદ્રીય)માં આ કૃતિનો ઉલ્લેખ લેખકના નામ વગર કર્યો છે. હાલ પ્રાપ્ત થતી 'સાહિત્યમીમાંસા' ત્રિવેન્દ્રમ્ સંસ્કૃત સીરીઝમાં ઈ૦ સ૦ ૧૯૩૪માં પ્રકાશિત થઈ છે, જેમાં વચ્ચે ઘણું બધું છૂટી ગયું છે. હસ્તપ્રત ઘણી બધી ખામીવાળી હતી એવું પ્રસ્તાવનામાં આના સંપાદક શ્રી કે૦ સામ્બશિવશાસ્ત્રી જણાવે છે[૪]. કૃતિના આરંભમાં કે અંતમાં ક્યાંય લેખકનો નામનિર્દેશ થયો નથી[૫].

સંપૂર્ણાનન્દ સંસ્કૃત વિશ્વવિદ્યાલય વારાણસી (ઈ૦ સ૦ ૧૯૮૪)એ પ્રકાશિત કરેલી 'સાહિત્યમીમાંસા' જેનું સંપાદન મહદંશે ત્રિવેન્દ્રમ્‌વાળી 'સાહિત્યમીમાંસા'ને આધારે થયું છે. તેનું કર્તૃત્વ મંખકને નામે ચડાવવામાં આવ્યું છે. મંખક રુય્યકના શિષ્ય હતા. કર્તૃત્વની ચર્ચા બાજુએ મૂકીને પ્રસ્તુત લેખમાં આપણે 'સાહિત્યમીમાંસા'માં નિરૂપાયેલા રસસ્વરૂપને સ્પષ્ટ કરવાનો ઉપક્રમ રાખ્યો છે. 'સાહિત્યમીમાંસા'નો માલવપરંપરા પ્રત્યે વિશેષ ઝોક રહેલો જણાય છે, કારણ કે તેમાં ધનંજય-ધનિકને અનુસરીને તાત્પર્યશક્તિ દ્વારા રસાનુભૂતિ સ્વીકારવામાં આવી છે, એટલું જ નહીં, શબ્દની વ્યંજનાશક્તિનો તેમાં કોઈ ઉલ્લેખ નથી, જે આ કૃતિની નોંધપાત્ર વિશેષતા છે. આ અંગે દ્વિતીય પ્રકરણમાં જ સૂચવાયું છે :-

> वर्तते यत् परः शब्दः स शब्दार्थ इति स्थितिः ।
> एतद् रसस्य प्रस्तावे परस्तात् साधयिष्यते ॥
>
> -(सा॰ मी॰-त्रिवेन्द्रम्॰ पृ॰ ७)

શબ્દ યત્પરક = જે અર્થ વિષે પ્રયોજાયો છે, તે તેનો શબ્દાર્થ છે અને આ રસના પ્રસ્તાવ વખતે પછીથી સિદ્ધ કરવામાં આવશે.

પ્રસ્તુત કૃતિના છઠ્ઠા પ્રકરણમાં રસ અંગે ચર્ચા કરવામાં આવી છે, અત્રે તેની સંક્ષિપ્ત નોંધ લઈ રસસ્વરૂપની આપણે વિસ્તારપૂર્વક ચર્ચા કરીશું.

રસનાં કારણોની ચર્ચામાં (સા૦ મી૦ ૬, પૃ ૫૪)રસનાં બીજ, રૂપ અને સહકારી કારણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ સિવાય રસનિષ્પત્તિમાં સહકારી એવાં અન્ય તત્ત્વોનું નિરૂપણ પણ કરવામાં આવ્યું છે. ભાવના (૧) પ્રધાન અને (૨) અપ્રધાન બે પ્રકારો કલ્પવામાં આવ્યા છે. અપ્રધાન ભાવ આઠ પ્રકારનો છે, જેને સાત્ત્વિક ભાવો પણ કહે છે. ૩૩ અભ્યન્તર ભાવો છે, જેને વ્યભિચારી ભાવો કહે છે. પ્રાચીનોએ સ્વીકારેલા આઠ રસો ઉપરાંત શાન્તનો સ્વીકાર પણ સા૦મી૦ કરે છે. પરંતુ શાન્તના સ્થાયી તરીકે 'શમ' કે 'નિર્વેદ'ને બદલે 'ધૃતિ'નો ઉલ્લેખ કરવામાં આવ્યો

છે. કેટલાક આચાર્યોએ આપેલા ઉદાત્ત, મન્થર અને પ્રેયાન્ નામના ત્રણ અન્ય રસોનો ઉલ્લેખ પણ આ કૃતિમાં થયો છે. જોકે તેનો અંતર્ભાવ આઠ રસોમાં થઈ શકે એમ સૂચવવામાં આવ્યું છે. શૃંગારના ભેદો તથા કરુણ અને વિપ્રલંભનો ભેદ પણ બતાવાયો છે. ઉપરાંત રીતિ, વૃત્તિ વગેરેની રસો સાથેની ઉપયુક્તતા દર્શાવાઈ છે.

આરંભમાં જ રસને 'આત્મભૂત' કહ્યો છે :-

कान्तया गुणशालिन्या सर्वालङ्कारयुक्तया ।
किं फलं कामयानस्य यदि न स्याद् रसावहा ॥
तद्वत् गुणोत्तरं काव्यमलङ्का(र?रि) रसो(र्जि?ज्झि)[६]* तम् । १
नात्यन्तमादृतं प्राज्ञैरापानप्रीतिमात्रदम् ॥-(पृ. ५४)

સા૦ મી૦ કારના મત મુજબ સ્ત્રી ગુણશાલી અને સર્વ આભૂષણોથી યુક્ત હોય તો પણ જો રસાવહ ન હોય તો તેને ઇચ્છવાથી શું વળે ? તે જ રીતે જો કાવ્ય પણ અલંકાર અને ગુણથી યુક્ત હોય પણ રસ વગરનું હોય તો શું વળે ? ઉપર ઉપરથી જ આનંદ આપનારા કાવ્ય માટે વિદ્વાનોને આદર થતો નથી માટે જ રસનું બીજ, રૂપ અને સહકારી તથા બીજું જે કંઈ રસને માટે યોગ્ય છે તે બધું ગ્રન્થકાર હવે સ્પષ્ટ કરે છે.

રસનું બીજ શું છે ? તો કહે છે -

स भावो रसनीयत्वं यत्प्रकर्षः प्रपद्यते ।
(सा. मी. पृ ५४)

જેનો પ્રકર્ષ રસનીયતાને પામે છે તે થયો સ્થાયી ભાવ.

વૃત્તિમાં કહે છે - यत्प्रकर्षो रसस्याभवत् (?)[७] स चित्तवृत्तिविशेषो भावः ।

આમ આવો ભાવ વિશેષ પ્રકારની ચિત્તવૃત્તિ જ છે.

એ પછી સ્થાયી વિષે સ્પષ્ટતા કરતાં સા૦ મી૦ કાર નોંધે છે :-

विरुद्धैरविरुद्धैर्वा भावैर्विच्छद्यते न यः ।
आत्मभावं नयत्यन्यान् स स्थायी लवणाकरः ॥
- (सा. मी. पृ. ५४)

અર્થાત્ વિરુદ્ધ અથવા અવિરુદ્ધ ભાવો વડે જે વિચ્છિન્ન થતો નથી અને તે સર્વને આત્મભાવ — પોતા તરફ દોરી જાય છે તે 'સાગર' જેવો સ્થાયી ભાવ છે[૮].

વૃત્તિમાં સા૦ મી૦ કાર સ્પષ્ટતા કરે છે :-

*यथा रूमायां निक्षिप्तं सर्वं लवणं सम्पद्यते, तथास्मि (न्न ? न्नि) विष्टं सर्वमेतद्रूपतां प्रतिपद्यत* इत्यर्थः । (पृ. ५४)

જેમ મીઠું થતું હોય તેવા સ્થળમાં બધે મીઠું જ પ્રાપ્ત થાય તેમ સ્થાયીમાં નિવિષ્ટ થયેલા ભાવો એતદ્રૂપતાને જ—સ્થાયિરૂપત્વને જ—સ્થાયિત્વને જ પ્રાપ્ત કરે છે એવો અર્થ છે.

એ પછી વિરુદ્ધ ભાવો વિષે સા૰ મી૰ કાર સોદાહરણ ચર્ચા કરે છે. ભાવો ભલે વિરુદ્ધ હોય પણ જો કવિના કૌશલબળથી નિરૂપવામાં આવ્યા હોય તો આશ્રયના સંબંધને કારણે વિશેષ શોભા પામે છે. આમ ક્યારેક સાક્ષાત્ આશ્રયના સૌન્દર્યને લીધે અયોગ્ય વસ્તુમાં પણ શોભાવૃદ્ધિ થાય છે, જેમ કે સુંદર સ્ત્રીની આંખોમાં અંજન, જે કાળું હોવા છતાં શોભે છે.

> क्वचिदाश्रयसौन्दर्यात् धत्ते शोभामसाध्वपि ।
> कान्ताविलोचनन्यस्तं मलीमसामिवाञ्जनम् ॥
> – (सा॰ मी॰ पृ॰ ५५)

ભરતમુનિને અનુસરીને 'મનુષ્યોમાં જેમ રાજા, શિષ્યોમાં જેમ ગુરુ તેમ ભાવોમાં સ્થાયી મહાન છે.' એમ જણાવ્યું છે.

આઠ સ્થાયી ભાવોને સા૰ મી૰ કારે રસના હેતુઓ કહ્યા છે.

> रतिहासौ तथोत्साहविस्मयौ च क्रुधाशुचौ ।
> जुगुप्सा भयमित्यष्टौ स्थायिनो रसहेतवः ॥

આમ સા૰ મી૰ કારે સ્થાયીને હેતુભૂત — કારણભૂત ગણ્યો છે.

એ પછી પૃ૰ ૫૫થી ૫૭ સુધી સાત્ત્વિક અને વ્યભિચારી ભાવોની ચર્ચા ભરતાદિને અનુસરીને કરી છે. કેટલાકમાં નામભેદ છે, જેમકે, રોમાંચ નામના સાત્ત્વિક ભાવનો 'तनूरुहोद्भेद' નામે ઉલ્લેખ કર્યો છે.

પ્રતિકૂળ સ્વભાવના ભાવો 'રસતા'ને કેવી રીતે પ્રાપ્ત કરે અથવા તો તેમનો 'રસોપયોગ' કઈ રીતે સંભવી શકે એ અંગે સા૰ મી૰ કારે રસપ્રદ ચર્ચા કરી છે.

> प्रतिकूलस्वभावानां भावानां रसनीयता ।
> रसनिष्पादकत्वेन स्थाय्यन्तर्वर्तनेन वा ॥
>
> यथा बहुद्रव्ययुतैर्व्यञ्जनैर्बहुभिर्युतम् ।
> आस्वादयन्ति भुञ्जाना भक्तं भक्तविदो जनाः ॥
>
> यथौषधिरसाः सर्वे मधुन्याहितशक्तयः ।
> अविभागेन वर्तन्ते तथैवा न मन्वते (?) ॥[१] (१) (सा॰ मी॰ पृ॰ ५८)

પ્રતિકૂળ સ્વભાવના ભાવોની રસનીયતા બે રીતે સંભવી શકે : (૧) રસનિષ્પાદકત્વથી અથવા (૨) સ્થાયીમાં (ભાવો) અંતર્વર્તી થવાથી.

વળી જેમ બહુ દ્રવ્ય અને વ્યંજનોથી યુક્ત ભોજન ભોજનવિદો આસ્વાદે છે તેમ રસોનો આસ્વાદ સંભવી શકે.

જેમ સર્વ પ્રકારનાં રસાયણો મધથી બલપ્રદ બને તેમ જ એક સાથે મળીને રહેલા વિવિધ ભાવોનું પણ સમજવું[10].

આ સંદર્ભમાં બીજું પણ એક દૃષ્ટાંત સા૦ મી૦ કાર આપે છે.

रसविद्धं यथा ताम्रं लोहत्वं प्रतिपद्यते ।
स्थायिविद्धास्तथा भावा भजन्ते रसनीयताम् ॥
-(પૃ. ૫૮)

જેમ પારાથી (રસ=પારો) વીંધેલું તાંબું લોહત્વમાં પરિણમે છે તેમ સ્થાયીથી વિદ્ધ થયેલા ભાવો રસનીયતાને પામે છે.

પ્રતિકૂળ સ્વભાવના ભાવાની રસનીયતા રસનિષ્પાદકત્વથી બની રહે છે એનું પ્રસિદ્ધ ઉદા૦ तं वीक्ष्य वेपथुमतीं सरसाङ्गयष्टिः વગેરે છે. અહીં આકસ્મિક દર્શન વગેરેથી સમુત્થિત થયેલા આવેગ અને સંક્ષોભ નૈસર્ગિક રીતે જ પાર્વતીની રતિને નિષ્પાદિત કરે છે અને પોતે પણ (અર્થાત્ તે ભાવો પણ) રસ્યતાને પામ્યા છે.

બીજું ઉદા૦ સ્થાયીમાં અંતર્વર્તી (ભાવો) હોય ત્યારનું છે. જેમકે, यान्त्या मुहुर्वलितकन्धरमाननं तद्. વગેરેમાં. અહીં માધવની માલતી વિષેની રતિમાં અંતર્વર્તી રહેલા विषेण दिग्ध. વગેરે વાણીથી આરંભાતા અને અનુભાવિત થતા વ્યાધિ વગેરે ભાવો પણ આસ્વાદાય છે.

એ જ રીતે રસાનુવેધા (રસથી અનુવિદ્ધ) ભાવો, જેમકે, जीवग्राहं विरमतु तपो....વગેરેમાં અહીં લાંબા સમયની તપશ્ચર્યા પછી ક્લેશ વગેરેથી જનિત નિર્વેદ, ગ્લાનિ, શ્રમ વગેરે (ભાવો) પાર્વતીની પરિભાષણપ્રાર્થનાપરક વાણીથી આરંભાતા અનુભાવોને સૂચિત કરતી નૈસર્ગિક (રતિ) વડે વિસ્તારાય છે.

આમ પ્રતિકૂળ ભાવો ત્રણ પ્રકારે આસ્વાદાય છે.

કાવ્ય વડે ભાવોની સમજણ સર્વથા ઇચ્છનીય છે. આ ભાવો કેવા હોવા જોઈએ ? તો સા૦મી૦ કાર નોંધે છે :-

मनोहरैर्हेतुकार्यसहकारिस्ववाचकैः ।
काव्यैः समस्तैर्व्यस्तैर्वा भावावगतिरिष्यते ॥

સ્વના વાચક એવા મનોહર હેતુ (વિભાવ) કાર્ય (અનુભાવ) અને સહકારીથી યુક્ત કાવ્ય વડે સમસ્ત અથવા વ્યસ્તરૂપે ભાવોને જાણવા જોઈએ—ભાવોનો બોધ ઇચ્છવો જોઈએ.

સા૦ મી૦ કાર વૃત્તિમાં નોંધે છે કે હેતુથી એટલે આલંબન અને ઉદ્દીપન એમ બે પ્રકારના

હેતુ વડે—વિભાવો વડે, જેમકે, ખૂબ કાળાં વાદળોના ઘેરાવાથી જ વૃષ્ટિ થાય. કાર્ય દ્વારા એટલે આંગિક, વાચિક અને સાત્ત્વિક તથા આહાર્યરૂપ—એમ ચાર પ્રકારના અનુભાવો વડે. વિશિષ્ટ નદીને ભરી દેતી વર્ષાની જેમ, સહચારીઓ વડે એટલે સ્મૃતિ વગેરે રૂપ વ્યભિચારીઓ વડે એટલે કે એક ચક્ર વડે અન્ય ચક્રના ગમનના શબ્દ વડે કાવ્યમાં ભાવોનું અવગમન થાય છે. આથી આચાર્યો કહે છે, "ભાવો ચાર પ્રકારના છે." (એ પછી કૃતિમાં થોડું છૂટી ગયું છે). આ ભાવો રસોના ઉપાદાન કારણભૂત ઇત્યાદિ વડે વ્યક્ત થાય છે. (એવી નોંધ પછી વાંચવા મળે છે.)

આમ સા૦ મી૦ કારે વિભાવો વગેરેની સમજૂતી પ્રસિદ્ધ દૃષ્ટાંતો આપીને સમૃદ્ધ કરી છે.

હવે દશરૂપકને અનુસરીને 'રસ'નું સ્વરૂપ સ્પષ્ટ કરે છે :-

विभावैरनुभावैश्च सात्त्विकैर्व्यभिचारिभिः ।
आनीयमानः स्वादुत्वं स्थायी भावो रसः स्मृतः ॥
-(सा॰ मी॰ पृ॰ ५९)

વિભાવ, અનુભાવ, સાત્ત્વિક અને વ્યભિચારી ભાવ વડે સ્વાદુત્વને પ્રાપ્ત કરાતો સ્થાયી ભાવ 'રસ' કહેવાય છે.

આમ સ્પષ્ટ છે કે સા૦ મી૦ કાર સીધેસીધો સ્થાયી ભાવને જ રસ કહે છે. આ લક્ષણ દશરૂપકને લગભગ અક્ષરશઃ મળતું આવે છે[૧૧].

આમ સા૦ મી૦ કાર ભરતથી જુદી રીતે રસનું લક્ષણ આપે છે. તેમણે દશરૂપકકારની જેમ જ વિભાવાદિ સાથે સાત્ત્વિક ભાવોને જુદા તારવીને ઉલ્લેખ્યા છે. ભરતમાં આવું નથી. ભરતે તો રસસૂત્રમાં 'સ્થાયી'નો ઉલ્લેખ પણ કર્યો નથી અને વિભાવ, અનુભાવ અને વ્યભિચારીના સંયોગથી જ રસનિષ્પત્તિ વિચારી છે. આમ 'સ્થાયી' લક્ષણમાં મૂકવાથી આ લેખક પણ લોલ્લટાદિની જેમ 'स्थायी एव रसः'ની પરંપરા સ્વીકારે છે. ટૂંકમાં આસ્વાદ્ય એવો સ્થાયી એટલે રસ. જ્યારે અભિનવગુપ્ત 'स्थायिविलक्षणो रसः'ની પરંપરા સ્વીકારે છે. શંકુકે પણ કહ્યું હતું કે (=લોલ્લટના ખંડન દરમ્યાન) ભરતે રસસૂત્રમાં 'स्थायी' શબ્દ મૂક્યો હોત તો શલ્યરૂપ ગણાત, નથી મૂક્યો તે ઉચિત છે. અનુમિતિવાદી શ્રી શંકુક પણ રસ સ્થાયીથી વિલક્ષણ છે એમ માનતા હોવાનો પૂરો સંભવ છે. પરંતુ અગાઉ નોંધ્યા પ્રમાણે સા૦ મી૦ માલવપરંપરાને ઝીલતી કૃતિ હોવાથી द॰ रू॰ ને અનુસરીને રસલક્ષણ આપે છે[૧૨].

**રસનું સ્વરૂપ :**

સા૦ મી૦ કારે રસને તાત્પર્યશક્તિ દ્વારા ગતાર્થ થતો બતાવ્યો છે. તે પહેલાં તાત્પર્યવૃત્તિની સ્થાપના કરી છે. આરંભમાં જ કહ્યું છે કે વાક્ય વડે કવિ દ્વારા રસનું પ્રતિપાદન થાય છે.

**વાંચો :-**

रसस्तदर्थं कविना वाक्येन प्रतिपादितः । (पृ॰ ८२)

તદર્થ એટલે સામાજિકોના રસને માટે એવો અર્થ છે. આમ અહીં ગ્રંથકાર સામાજિકોને પણ રસ સાથે જોડે છે.

રસને તાત્પર્ય શક્તિથી ગતાર્થ થતો બતાવતાં સા૦ મી૦ કાર નોંધે છે :-

**अपदार्थोऽपि वाक्यार्थो रसस्तात्पर्यवृत्तितः ।** (પૃ. ૮૫)

વૃત્તિમાં સા૦ મી૦ કારે આનું વિગતે પ્રતિપાદન કર્યું છે. એ સાચું છે કે પદાર્થનો અન્વય તે વાક્યાર્થ છે અને તે જો તાત્પર્યવૃત્તિનો વિષય હોય તો તાત્પર્યના અભાવમાં પદનો અન્વયાર્થ પણ વાક્યાર્થ નહિ થાય અને અન્ય તાત્પર્યવિષયક અર્થ પણ વાક્યાર્થ બનશે. જેમકે, विषं भुङ्क्ष्वेति – અહીં હિતેચ્છુ પિતાનો વિષભક્ષણમાં તાત્પર્યનો અભાવ હોવાથી વિષભક્ષણ જેવું અનિષ્ટ કરનારા બીજાના ઘરના ભોજનમાંથી નિવૃત્તિ એટલે તેને ત્યાં 'ભોજન ન કરવું' એવા અભિપ્રાયયુક્ત યોગ્ય અર્થ છે[૧૩]. આમ અહીં અપદાર્થ હોવા છતાં પણ રસ તાત્પર્યગોચર હોવાથી તેનું વાક્યાર્થત્વ દૂર થતું નથી. આ વ્યુત્પત્તિસિદ્ધ છે. એ પછી આના સમર્થનમાં ગ્રંથકારે મમ્મટનું आकांक्षासान्निधियोग्यतावशाद् વગેરે પ્રસિદ્ધ ઉદ્ધરણ પણ ટાંક્યું છે.

પૂર્વપક્ષ કહે છે હશે, પરંતુ બીજી કક્ષ્યામાં અવગાહન નહીં કરનાર તાત્પર્ય જ પહેલું છે. આથી વિભાવાદિ પદાર્થના સંસર્ગથી પ્રતીત થતા વાક્યની તેનાથી અવિનાભૂત શમાદિના રસરૂપી દ્વિતીય કક્ષ્યા છે[૧૪]. પરંતુ આનું અતિક્રમણ કરીને તૃતીય કક્ષ્યામાં આવતું તત્સદૃશ સામાજિકોને થતું રસપ્રતિપાદન તો ધ્વનિનો વિષય છે, તાત્પર્યનો કેવી રીતે ?

આના પ્રત્યુત્તરમાં ગ્રન્થકાર પોતાના મતની સ્થાપના કરતાં દ૦ રૂ૦ ને પણ ઉદ્ધરે છે. જેમ તાત્પર્ય ઉદ્દેશ્ય ન હોવાથી પ્રથમ પર્વને = કક્ષાને છોડીને બીજા પર્વમાં આવે છે તેમ આને પણ છોડીને ત્રીજાને સ્પર્શે — આચાર્યોએ કહ્યું છે[૧૫]:-

"તે, તે કક્ષ્યાના ભેદમાં બહુધા (તાત્પર્યવૃત્તિ) પ્રસરતી હોવા છતાં ઉદ્દેશ્ય જ્યાં સુધી સિદ્ધ ન થાય ત્યાં સુધી પ્રવર્તે છે.

"તાત્પર્યની આટલે સુધી વિશ્રાન્તિ એવું શા માટે ? જ્યાં સુધી કાર્યનું પ્રસારણ થાય ત્યાં સુધી તાત્પર્ય જઈ શકે છે, તાત્પર્ય કંઈ ત્રાજવાંથી તોળાતું નથી (કે આટલું એટલે તાત્પર્ય) તેથી કક્ષ્યાવિભાગ વડે વાક્યતાત્પર્યનો સમૂહ યથારુચિ—અભિધા, વસ્તુધ્વનિ અથવા વૃત્તિ જ છે અથવા તો ત્રણેય વૃત્તિથી જુદું તે તાત્પર્ય છે માટે બીજી વૃત્તિ (=વ્યંજના ?) કલ્પવાની જરૂર નથી, કારણ કે વિદ્વાનોમાં તે પ્રસિદ્ધ નથી. લૌકિક શબ્દવૃત્તિમાં પણ કાવ્યની પદ્ધતિ યોજવી જોઈએ."

પ્રતીતિનો ક્રમ કક્ષ્યાના ભેદથી વિચારાયો છે. આથી વૃત્તિ અને તાત્પર્યના ભેદનો ઉપન્યાસ કરવામાં આવે છે.

આમ સા૦ મી૦ કાર રસને તાત્પર્યથી સિદ્ધ કરી હવે રસનું તાત્પર્યવિષયત્વ દર્શાવતાં કહે છે.

कविश्च रसमुद्दिश्य सू (रति ? क्ति) मुद्राः करोति हि । - (पृ॰ ८५)

રસનું તાત્પર્યવિષયત્વ એટલા માટે કે કવિ રસને ઉદ્દેશીને જ સૂક્તિ રચે છે.

પુનઃ એક પૂર્વપક્ષ ઉદ્‌ભવે છે. તેના મત અનુસાર રસ સામાજિકોને આશ્રયે રહેલો હોય છે. તેનું જ વાક્યાર્થત્વ ઇષ્ટ છે પણ અહીં (= તાત્પર્યમાં) તે ઘટતું નથી કારણ કે કવિનો ઉદ્દેશ શમાદિને આશ્રિત (= અનુકાર્યને) રસમાં હોય છે.

સિદ્ધાંતી આ આશંકાનો જવાબ આપતાં કહે છે - ના, -

सामाजिकानां हृदयं रस (एव ? येय) महं कथम् ।
इति प्रवर्तते काव्ये कविस्तत्परमानसः ॥

કારણ કે, સામાજિકોનું હૃદય જ રસનું અધિષ્ઠાન બને માટે — એમ પ્રવર્તિત થતા કાવ્યમાં કવિ તત્પરક — કાવ્ય તરફના કે (રસ તરફના) મનવાળો હોય છે.

પૂર્વપક્ષ કહે છે કે એ સાચું કે કવિનો સામાજિકોના રસ પ્રતિ ઉદ્દેશ હોય છે પણ તેને ઉત્પાદિત કરવા માટે, પ્રતિપાદિત કરવા માટે નહીં, જે અર્થપ્રતીતિ કરાવવા પ્રત્યે ઉદ્દેશ છે તે તો વાક્યાર્થ જ છે. એટલે રસ વાક્યાર્થ બનતો નથી.

સિદ્ધાંતી પ્રત્યુત્તરમાં જણાવે છે :-

विशिष्टैः शब्दसन्दर्भैर्ज्ञापयेयं रसं यतः ।
इति प्रवृत्ते सुकवौ तेषामुत्पद्यते रसः ॥ (पृ॰ ८६)

વિશિષ્ટ શબ્દસન્દર્ભ વડે 'હું રસ જણાવું છું' એમ સુકવિની પ્રવૃત્તિ છે અને તેમનાથી રસ ઉત્પન્ન થાય છે.

આગળ વૃત્તિમાં સા॰ મી॰ કાર જણાવે છે કે ઉત્પત્તિમાં કે જ્ઞાનમાં હેતુ જ આધારરૂપ હોય છે. અથવા ઉત્પન્ન થયેલો રસ સ્વયંપ્રકાશિત હોવાથી પ્રતીતિસિદ્ધ છે તેથી ઉદ્દેશ સાથે તેનો (= પ્રતીતિનો) અવિનાભાવ સિદ્ધ છે. આથી તે પ્રકારની રસોત્પત્તિ વાક્યાર્થને હણતી નથી અર્થાત્ રસ સામાજિકોને ગ્રાહ્ય હોય છે.

એ પછીની ચર્ચામાં પાઠ બહુ સ્પષ્ટ નથી (ક્યારેક સંપૂર્ણાનન્દવાળી સા॰ મી॰નો આધાર લઈ સ્પષ્ટતા કરવાનો પ્રયાસ કર્યો છે. પૃ॰ ૧૦૧)

પૂર્વપક્ષ શંકા કરે છે કે વિપર્યય કેમ નથી અર્થાત્ વાક્યાર્થ કેમ હણાતો નથી ? તો સિદ્ધાંતી કહે છે, કારણ કે વાક્ય જ પ્રમાણ છે. અર્થપ્રતીતિને ઉદ્દેશીને જ તે પ્રવૃત્ત થાય છે. આથી રસપ્રતીતિના ઉપાદાનથી તે ત્યાં જ વ્યાપી વળે છે. આથી સામાજિકગત રસ પ્રતિપાદનનો વિષય છે, ઉત્પત્તિનો નહીં એમ સિદ્ધ થયું.

વળી વાક્યની અર્થપ્રતીતિમાં જ્ઞાન અને ઉત્પત્તિનો એક જ વ્યાપાર નથી, ઉદ્દેશ્ય પણ એક જ છે. 'આથી જ રસ અને કાવ્યના ભાવ્ય-ભાવક સંબંધનો નિર્વાહ થાય છે[16].

આથી આચાર્યોએ કહ્યું છે —

પ્રકરણાદિ વડે વાચ્ય એવી બુદ્ધિમાં જેમ ક્રિયા રહેલી હોય છે, જેમ વાક્યાર્થ કારક વડે યુક્ત હોય છે, તેમ સ્થાયી ભાવ બીજાઓ વડે યુક્ત હોય છે. (= વિભાવાદિ વડે).

રસ રસિકનો જ (= સામાજિકોનો જ) હોય છે, કારણ આસ્વાદ્ય છે, અનુકાર્યનો નહીં, તેમાં રહેતો નથી અને કાવ્ય પણ તત્પરક (અનુકાર્યપરક) હોતું નથી.

વાક્યથી જ થતી રસપ્રતીતિમાં પ્રમાણ કહે છે — પ્રબંધના શ્રવણ પછી આનંદની સંવિત્‌થી ઉત્પન્ન થયેલાં પુલકાદિ ચિહ્નો શ્રોતામાં પ્રત્યક્ષ જોવા મળે છે — (આ પણ સહૃદયોમાં રસ રહેતો હોવાનું પ્રમાણ છે).

વાક્યાર્થ રસ છે એ 'शृङ्गारी गिरिजानने' - વગેરે વાક્યો વડે જણાય છે. કેવી રીતે તે પ્રતિપાદ્ય ન હોય ? 'કારણ તે તે રસના અવિનાભૂત વિભાવાદિને સમર્પક વિશિષ્ટ એવો કવિનો ગુંફ રસનો પ્રતિપાદક બની રહે છે.'

આમ સા○ મી○ કાર રસનું અધિષ્ઠાન સ્પષ્ટ રીતે સામાજિકને જ માને છે અને 'स्थायी एव रसः'ની પરંપરા સ્વીકારતા હોવા થતાં પણ રસને આનંદરૂપ માને છે. શક્ય છે કે સા○ મી○ સર્વ રસોને આનંદરૂપ માનતી હોય.

**सा॰ मी॰ માં શૃંગારની વિભાવના**

સા○ મી○ કાર ભોજને કિંચિત્ અનુસરીને અહંકારરૂપ શૃંગારની વિચારણા કરે છે.

विशिष्टादृष्टजन्मा यमजमीनामन्तरात्मा (?)[17] ॥
स्वात्मगामिगुणोद्भूतेरेको हेतुः प्रकाशते ।
विभावैश्चानुभावैश्च स्थायिभिर्व्यभिचारिभिः ॥
स चेतसा रस्यमानो रसतां प्रतिपरूते ।
तथाभिमानोऽहङ्कारः श्रृङ्गार इति चोच्यते ॥
सहकारियुतैर्भावैरर्थसिद्धिरतः परम् ।
अहङ्काराख्यया किञ्चित् किमर्थं गुरु कल्प्यते ॥

વિશિષ્ટ, જેનો જન્મ (= ઉત્પત્તિ) અદૃષ્ટ છે, જે પ્રાણીઓના અંતરાત્મારૂપ છે. (અનેક જન્મોના અનુભવથી) પોતાના તરફ જતા ગુણોમાંથી (અર્થાત્) સ્વગુણો — આત્મસમ્યગ્ગુણોમાંથી) ઉત્પન્ન થયેલો તે (= અહંકારરૂપ શૃંગાર) 'એક' હેતુનું પ્રકાશન કરે છે, (અને) વિભાવ, અનુભાવ, સ્થાયી અને વ્યભિચારીઓ વડે પ્રકાશિત થાય છે. સચેતસો વડે રસ્યમાન થતો રસતાને પ્રતિપાદિત કરતો અભિમાનરૂપ 'અહંકાર' જ શૃંગાર કહેવાય છે. સહકારી ભાવોથી તેની પરમ અર્થસિદ્ધિ થાય

છે. તે અભિમાનરૂપ 'અહંકાર'ના નામથી કલ્પાયો છે.

ભોજની જેમ સા૰ મી૰ કારે પણ સ્થાયી, વિભાવ, અનુભાવ, વ્યભિચારીને એની પ્રકૃષ્ટાવસ્થામાં રસરૂપે કલ્પીને તેમની વચ્ચેની ભેદરેખા દૂર કરી છે. ભોજમાં સા૰ મી૰ કારે મૂકેલા "स्वात्मगामी गुणोद्भूत" એ શબ્દો आत्मस्थितं गुणविशेषम् વગેરે રૂપે વાંચવા મળે છે. (શૃં૰ પ્ર ૧/૪) આમ ભોજની જેમ સા૰ મી૰ કાર પણ રસિકોમાં રહેલ રસધર્મ એ જ अहङ्कार એમ માને છે.

હવે પ્રશ્ન થાય છે કે શું આ રત્યાદિઓ પોતાના વડે, પોતાના આલંબન (ભાવ) વડે ઉત્પન્ન થતા (તેઓ) સર્વના ભાવોને ઉત્પન્ન કરે છે કે કોઈકના ? તેમનું અધિષ્ઠાન શું ? (અર્થાત્ આ રત્યાદિઓ ખરેખર કોના અને તેમનું અધિષ્ઠાન કોનું હૃદય ?) જો તેઓ બધાંના હોય તો પછી આખું જગત રસિક કહેવાત પણ તેમ જણાતું નથી, કારણ કે, કોઈક આસ્તિક (= ખરેખર રસિક જોઈએ) તો કોઈક નીરસ છે અને જે દૃષ્ટ હોય (પ્રત્યક્ષ હોય) તેનાથી વિપરીત જાણવું શક્ય નથી. આથી રત્યાદિ ભાવો કંઈ સર્વના હોતા નથી, કોઈકના હોય છે. તેથી નિયમથી નિયમિત અભિધાન કરવું ઘટે.

આમ કંઈક તો છે જ (અને) એમ જો કહેતા હો તો પછી તે દૃષ્ટ કે અદૃષ્ટ હોવું જોઈએ. અદૃષ્ટ નથી, કારણ કે પ્રાપ્ત થાય છે. દૃષ્ટ તો સાધારણ હોય. આથી પહેલાંનો દોષ લાગશે. (એટલે કે સર્વ જગત રસિક બનશે.) આથી અસાધારણ એવું કંઈક અહીં આશ્રય કરીને રહ્યું છે તો તે શું છે ? ક્યાં છે ? (ઉત્તર છે) તે જ 'અહંકારી' (?) નામથી ઓળખાય છે. આમ અહંકારને આશ્રયે રહેલું (તે કંઈક) આ પ્રમાણે કલ્પી શકાય છે. તે વિશિષ્ટ અને અદૃષ્ટજન્મા છે. દૃષ્ટ કોઈકનું છે એમ જો કહેતા હો તો વિભાવાદિ સાથે જ રતિની ઉત્પત્તિ થતી હોવાથી (તે દૃષ્ટ) અપેક્ષણીય છે. સર્વ ઉત્પત્તિમય (= ઉત્પન્ન થનારી) વસ્તુઓનું નિમિત્ત અદૃષ્ટ જ હોય છે. એવું કલ્પનાગૌરવ શા માટે ? આમ અહીં કારણોનો સમૂહ પણ અદૃષ્ટ હોતાં વૈકલ્યને કારણે કાર્ય ઉત્પન્ન થતું નથી અને તે દેખાતું નથી. આથી ભાવની ઉત્પત્તિ થાય છે એમ અત્યારે લાગે છે. આમ સા૰ મી૰ કાર અભિમાન-અહંકારને સમજાવે છે.

રસનું રત્યાદિ વગર પણ ત્યાં ત્યાં ઉપલક્ષણ છે, જેમકે, हरस्तु किञ्चित वगेरे.

સા૰ મી૰ કાર આગળ નોંધે છે કે મનની વિકાસ, વિસ્તાર, ક્ષોભ અને વિક્ષેપ—આ ચાર અવસ્થાઓ કોઈકે (=द॰ रू॰ कार) આપી છે.

પ્રકર્ષને પામેલા ભાવો ૪૯ છે અને તે વિભાવનીય છે. તેને આઠની સંખ્યામાં જ શા માટે નિયમિત કરવામાં આવે છે ?

ચાર અવસ્થામાં રસના આઠ પ્રકારો કેવી રીતે ? અને ચાર અવસ્થા પારમાર્થિક કઈ રીતે ગણાય ?

(ખરેખર તો) વિકાસ એ જ વિસ્તાર છે. ક્ષોભ એ જ વિક્ષેપ છે તેથી બે જ પ્રકારની

વ્યવસ્થા કહેવી યોગ્ય છે, વિપરીત નહીં.

એકરૂપ આનંદનો ભેદ કેવી રીતે કલ્પી શકાય ? વિસ્થુલ એવા મનને ક્ષોભ અને વિક્ષેપ ઉચિત છે ?

પોતપોતાને પ્રાપ્ત કરી સદા આનંદ મેળવે છે. આનંદનું વિકાસ વગેરે કારણ કે કાર્ય નથી.

તે કારણત્વ કે રૂપ નથી જેમાં ચિત્તનું નિમીલન થાય, રત્યાદિનું કારણ તેની ઉપલબ્ધિથી આવતું નથી.

આના પ્રયત્નરૂપ સુખરૂપ રસના તાદાત્મ્યને સો વર્ષ સુધી પણ કહેવું શક્ય નથી.

તેથી ચિત્તના આનુકૂલ્યથી દુઃખાદિમાં પણ જે થાય તે સુખાભિમાનરૂપ રસ છે[૧૮]. પાત્રોમાં મુખ્ય તે જ છે. તેથી અભિધીયમાન (કહેવાતો) અથવા શ્રૂયમાણ (સંભળાતો) આ સરસ છે એ રીતે સભાસદને ભાવિત કરે છે. તદ્‌ગત રસ પ્રીતિમાત્રને માટે જ છે, તદ્‌ગત રસ મુખ્ય નથી.

એ પછી રસના સ્વરૂપ વિષે પુનઃ ચર્ચા કરતાં સા૰ મી૰ કાર ૪૯ ભાવો વિષે જણાવે છે. સ્થાયી, સાત્ત્વિક અને વ્યભિચારીના ભેદોથી ૪૯ ભાવો કહ્યા તે બધા પ્રકર્ષરૂપ ભાવિત કરવા (=જાણવા). પ્રશ્ન થાય છે કે તો પછી રસને ૪૯ પ્રકારનો કેમ કહેતા નથી, માત્ર આઠ જ પ્રકારનો કેમ કહ્યો છે ? વળી જો આનંદની મનના વિકાસ, વિસ્તાર, ક્ષોભ અને વિક્ષેપને આધારે ચાર અવસ્થા ગણીને (રસ) આઠ પ્રકારનો (શૃંગાર, હાસ્ય, વિકાસ, વિસ્તાર વગેરે) ગણતા હો તો તે પણ બરાબર નથી, કારણ કે જો ચાર અવસ્થા હોય તો માત્ર ચાર જ પ્રકારો કલ્પવા જોઈએ. (=આઠ નહીં) બધી મળીને કંઈ પારમાર્થિક અવસ્થા ચાર પ્રકારની નથી તેથી વિકાસ અને વિસ્તાર વચ્ચે અને ક્ષોભ અને વિક્ષેપ વચ્ચે પરસ્પર ભેદ નથી. આથી અવસ્થાના બે જ પ્રકારો કહેવા યોગ્ય છે. તેનો એક પ્રકાર કેવી રીતે કલ્પી શકાય ? વળી ક્ષોભ એટલે મનની અસ્થિરતા અને વિક્ષેપ એટલે વિશિષ્ટ પ્રકારનો ક્ષેપ. ક્ષોભ અને વિક્ષેપ કંઈ આનંદ ઉપજાવતા નથી. કારણ આવું મન સ્વાર્થના લોપને પ્રાપ્ત થયું હોય છે.

વળી આનંદની વિકાસાદિ કોઈ અવસ્થા હોતી નથી, કારણ તેનું લિંગ = કારણ નથી, કારણ કે તે વ્યભિચરિત થાય છે. મન થોડુંક જ વિકસે છે, પૂર્ણ નહીં. (એટલે કારણરૂપ નથી)- વળી આનંદમાં ચિત્તનો લય થાય છે. આથી તે કાર્યરૂપ નથી, કારણ કે મન તો એ કાર્ય કરનારું છે. આમ કારણ પણ નથી, કારણ કે, અદ્‌ભુત વગેરે પછી વિકાસ અને વિસ્તાર જોવા મળે છે. વળી રત્યાદિ શૃંગારાદિનાં કારણો છે, રૂપ એટલે કાર્ય નથી. કારણ તે વિકાસાદિના પ્રયત્નનું સ્વરૂપ છે, આનંદ સુખરૂપ છે. આથી જ આસ્વાદમાં મનના વિકાસ વગેરેનો ઉપભોગ બરાબર નથી. કારણ દુઃખ વગેરેમાં પણ સુખદુઃખ અનુભવાતાં હોવાથી અભિમાનરૂપ રસ પાત્રમાં જ મુખ્ય છે. તદ્‌ગત = તે પ્રમાણતાને સમજીને કવિઓ આનંદ પામે છે અને તે શ્રૂયમાણ અથવા અભિનીયમાન બન્ને સરસ છે એવું ભાવન કરતા સામાજિકો પ્રીતિમાત્રને પામે છે. તેમનામાં મુખ્ય રૂપે રસ નથી હોતો પણ ઉપચરિત થાય છે તેથી રસનો વ્યપદેશ કરવામાં આવ્યો છે એવો અર્થ છે.

આ બધા પ્રશ્નોનો યથાક્રમ ઉત્તર સા૦ મી૦ કાર નીચે પ્રમાણે આપે છે[૧૯].

બધા ભાવોનું રસત્વ છે. મુખ્યત્વે એક જ રસ ( =અહંકારરૂપ શૃંગાર) છે. અન્ય ભાવો સાથે રસત્વના મિલનમાં લવણાકરનું જ સામ્ય રત્યાદિમાં છે. આથી આનંદ એકરૂપ હોવાથી (રસના) ભેદો કહેવા શક્ય નથી. છતાં પણ ચન્દનાદિ જેમ સુખમાં જ યોજાય છે તેમ શૃંગારના ધર્મ વગેરે ભેદો (ધર્મ, અર્થ વગેરે) કહ્યા છે : ક્ષોભનો શબ્દ વડે ઉપસ્થાપિત એવો સ્વરૂપનો કોઈ હેતુ રસ પ્રત્યે હોતો નથી, જેને શબ્દશક્તિ વડે જોવામાં આવ્યો નથી કે પ્રતિપાદિત કરવામાં આવ્યો નથી. આમ અવસ્થાઓના કારણત્વની બીજી સંમતિ ઇષ્ટ નથી. આ અવસ્થાઓ જ (વિકાસ વગેરે) નિમિત્તરૂપ હોવાથી તેને આદ્ય હેતુ કહી છે.

અમારા મતે (= સા૦ મી૦ કારના) સામાજિકોનું રસમાં શરણ તે જ સંવિત્ છે તે જ રીતે સામાજિકોના હૃદયમાં રસપોષ થાય છે. પાત્રગત રસ તો ન્યૂન કે ગૌણ છે. કવિ તો સામાજિકોના રસને માટે વાક્ય વડે પ્રતિપાદન કરતા હોય છે. (પૃ૦ ૮૨)

આમ સર્વ ભાવો રસીભૂત થાય છે એમ જે કહ્યું છે તે બરાબર નથી. સ્થાયીઓનું લવણાકર જેવું છે કારણ કે ચિત્તમાં રહેલા તેઓ બધા સંબંધીઓને સ્વરૂપ તરફ લઈ જતા હોવાથી તેની વૃદ્ધિ કરવામાં સમર્થ છે. પૂર્વપક્ષ કહે છે હોય એવું—એવો આ નિયમ વળી શું છે ? કોણ જાણે છે ? વસ્તુનો સ્વભાવ કંઈ સંબંધને યોગ્ય હોતો નથી. સિદ્ધાંતી જણાવે છે કે પરંતુ અહીં તો અનુભૂતિ જ એકમાત્ર પ્રમાણ છે. રસની ચાર અવસ્થા (વિક્ષેપ વગેરે) અને આઠ પ્રકારો કેવી રીતે હોય તે પ્રશ્ન પણ બરાબર નથી, કારણ સામગ્રીમાં અંતર છે. રત્યાદિસહિત જેનો વિકાસ થાય છે તે શૃંગારસામગ્રી છે. હાસ વગેરે સહિત હાસ્યની સામગ્રી જુદી જ છે એવું બીજે પણ (= બીજા રસોમાં) જાણવું. વિકાસ વિસ્તારનો અને ક્ષોભ વિક્ષેપનો પર્યાય નથી. વિકસિતને વિસ્તૃત ન કહેવાય અને ક્ષુભિત થયેલાને વિક્ષિપ્ત ન કહેવાય. એકરૂપવાળા આનંદનો કારણવૈચિત્ર્યને કારણે સુંદરીએ લગાડેલ ચંદનના સ્પર્શ અને સંગીતના સુખની જેમ ભેદવ્યવહાર ઘટે છે. શબ્દના ઉપસ્થાપનના માહાત્મ્યને લીધે ક્ષોભ વગેરેની પ્રતિકૂળતાનું પણ રસમાં ઉપાયરૂપત્વ સહ્ય બને છે. અનુપપન્ન એવું કંઈ નથી, વિકાસ વગેરે રસના કંઈ કારણ નથી તેમ માનવું નકામું છે. કારણ તેઓ પાછળથી થનારાં છે. આથી ફળનું સ્વરૂપ જુદું જ છે. વિસ્મયથી વિક્ષોભ અને વિકાસથી આનંદ આવે છે એવું સમાધાન થાય છે પણ વિકાસાદિ નિમિત્ત નથી. ઉપાદાનકારણ રત્યાદિ છે અને તેનાથી જનિત થતો, અતિશય ગુણથી સંપન્ન યોગ્ય પાત્રોનું આલંબન કરનાર તેના સંવિધાનમાં ઔચિત્યની ભાવનાયુક્ત સામાજિકોના આત્મામાં ઉત્પન્ન થતા આનંદને 'રસ' એમ કહેવાય છે. આમાં પ્રમાણ અનુભવ છે. ભગવતી પ્રીતિનો વિષય એવા સત્ત્વ (= સાત્ત્વિકભાવ ?)ના ઉપગમમાં સંવિત જ શરણ છે એમ આચાર્યોએ કહ્યું છે. આમ રસનું તદર્થ અર્થાત્ સામાજિકના રસને માટે કવિએ વાક્ય વડે પ્રતિપાદન કર્યું હોય છે.

ઉપસંહાર :-

સા૦ મી૦માં નિરૂપાયેલા રસસ્વરૂપની મીમાંસા કરતાં નિમ્નોક્ત તારણો પર આવી શકાય. સા૦ મી૦ એ રસનું સ્વરૂપ द. रू. ને આધારે નિર્ધારિત કર્યું છે. આથી ભરતે જેમ રસલક્ષણમાં 'स्थायी' પદ મૂક્યું નથી તેવું તેમાં નથી. સા૦ મી૦ કાર પણ 'स्थायी' પદને રસલક્ષણની અંદર જ સમાવિષ્ટ કરે છે. આ રીતે द. रू. અને सा. मी. બન્ને 'स्थायी एव रसः'ની પરંપરા સ્વીકારે છે. બન્ને 'स्थायी' ને લવણાકર જેવો કહે છે[૨૦]. આમ છતાં द. रू. કારની જેમ જ સા૦ મી૦ કાર પણ રસને સુખદુઃખાત્મક માનતા નથી પરંતુ આનંદાત્મક જ માને છે. નાટ્યદર્પણકારનું રસલક્ષણ द. रू. ની નજીક છે છતાં તેઓ સુખદુઃખવાદના પુરસ્કર્તા બની રહ્યા છે. પરંતુ સા૦ મી૦ કાર द. रू. ની જેમ સ્પષ્ટપણે રસને આનંદમય સ્વીકારે છે, અને આમ અભિનવગુપ્તની નજીક જણાય છે. તેમની જેમ પણ સહેજ જુદા શબ્દોમાં સા૦ મી૦ કાર નોંધે છે કે ભગવતી પ્રીતિના વિષયમાં સ્વસંવિત જ શરણરૂપ છે. અભિનવગુપ્તે રસને નિજસંવિતની વિશ્રાંતિરૂપ માન્યો જ છે. આમ મમ્મટે જેમ व्यक्तः स तैर्विभावाद्यैः स्थायिभावो रसः स्मृतः એ કથનમાં જેમ સ્થાયીનો ઉલ્લેખ કર્યો છે તેવું સા૦ મી૦ કારનું પણ માનવું રહ્યું. અહીં અલબત્ત વ્યંજનાનું સ્થાન તાત્પર્યશક્તિ લે છે.

સા૦ મી૦ કાર રસનું અધિષ્ઠાન રસિકને જ માને છે. (પૃ. ૮૦) અભિનવગુપ્તની જેમ સામાજિક શબ્દ પણ તેમણે રસિકને માટે પ્રયોજ્યો છે. (પૃ. ૮૨) રસને અનુકાર્યગત માન્યો નથી. અનુકાર્યગત રસને મુખ્ય માનનારાનું તેમણે ખંડન પણ કર્યું છે અને પ્રતિપાદન તો સામાજિકના રસપક્ષે જ મુખ્ય હોય તેવું સિદ્ધ કર્યું છે. આમ રસના આસ્વાદની બાબતમાં द. रू. ની જેમ सा. मी. કાર પણ અભિનવગુપ્તની નજીક હોવા છતાં વ્યંજનાને સ્વીકારતા નથી અને રસને તાત્પર્યથી જ ગતાર્થ થતો માને છે. द. रू. ની ઘેરી અસર છતાં વ્યંજનાનું ખંડન સા૦ મી૦ કારે કર્યું નથી એ નોંધપાત્ર છે. વળી રસના સંદર્ભમાં સા૦ મી૦ કારે વ્યંગ્યવ્યંજકભાવ સંબંધ સ્વીકાર્યો નથી પણ ભટ્ટનાયક અને ધનંજય-ધનિકની જેમ રસને ભાવ્યમાન થતો સ્વીકાર્યો છે અને એટલે ભાવ્ય-ભાવક સંબંધ સ્વીકાર્યો છે. અભિનવગુપ્તની અભિવ્યક્તિ દાર્શનિકોની અભિવ્યક્તિ કરતાં સાવ જુદી છે એટલે રસ તેમને મતે પૂર્વસિદ્ધ માનવો અનિવાર્ય નથી. આ વસ્તુ ભટ્ટનાયક અને द. रू. કારની જેમ સા૦ મી૦ કાર પણ પકડી શક્યા નથી એટલે રસને તેઓ અભિવ્યંજિત માનતા નથી પણ ભાવિત થતો માને છે. વિકાસ, વિસ્તાર વગેરે ૪ અવસ્થાઓ द. रू. ને અનુસરીને सा. मी. એ સ્વીકારી છે. ભરતના ૪ પ્રકૃતિ અને ૪ વિકૃતિ રસો સાથે તેનું સામ્ય છે.

સા૦ મી૦ની શૃંગારવિભાવના ભોજ અને અગ્નિપુરાણ(અ૦ પુ૦)કારને મળતી આવે છે. આમ છતાં આ સમગ્ર ભાગ ભ્રષ્ટ અને અસ્પષ્ટ પાઠોને કારણે બહુ સ્પષ્ટ થતો નથી. છતાં એટલું નોંધી શકાય કે સા૦ મી૦ કાર અભિમાન-અહંકારરૂપ શૃંગારને સ્વીકારે છે. ભોજે સૂચવેલી રસની પરા વગેરે કોટિઓ વિષે સા૦ મી૦ કાર સ્પષ્ટતા કરતા નથી. રસનું સ્વરૂપ અહંકારરૂપ શૃંગાર હોવા છતાં આનંદસ્વરૂપ છે. અંતે આત્મામાં ઉત્પન્ન થતા આનંદને તેમણે 'રસ' કહ્યો છે. અ૦ પુ૦ કાર પણ આનંદને શૃંગારનો સ્વાભાવિક ધર્મ ગણાવે છે. ભોજ તો અહંકારમાંથી ઉદ્ભવતા આનંદને

ચિદાનંદથી ઊતરતી કોટિમાં મૂકે છે એટલે આ સંદર્ભમાં પણ સા૦ મી૦ કાર ભોજને બદલે અભિનવગુપ્ત તરફ ઢળતા લાગે છે. એમ લાગે છે કે ઉપચિત સ્થાયીને પણ સા૦ મી૦ કાર સ્વીકારતા નથી. વળી શૃંગારને એકમાત્ર રસ સ્વીકારતા હોવા છતાં ભોજની જેમ બધા જ ભાવોને રસરૂપે સ્વીકારતા હોય એમ પણ જણાતું નથી.

---

ટિપ્પણ :

૧. વ્યક્તિવિવેકવ્યાખ્યાન, સં૦ ડૉ૦ રેવાપ્રસાદ દ્વિવેદી, ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ ઑફિસ, વારાણસી, ઈ૦ સ૦ ૧૯૬૪, પૃ૦ ૨૮૬.

૨. અલંકારસર્વસ્વ, સં૦ ડૉ૦ રેવાપ્રસાદ દ્વિવેદી, ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ ઑફિસ, વારાણસી, ઈ૦ સ૦ ૧૯૭૧, પૃ૦ ૨૦૧.

૩. प्रपञ्चितं च साहित्यमीमांसायाम् । 'नायकगुणग्रथिताः सूक्तिस्रजः सुकृतिनामा कल्पमाकल्पन्ति' इति ।

- પ્રતાપરુદ્રીય, સં. એસ. ચન્દ્રશેખર શાસ્ત્રીગલ બાલમનોરમા પ્રેસ, મદ્રાસ, ઈ૦ સ૦ ૧૯૧૪, પૃ૦ ૮.

૪. જુઓ 'સાહિત્યમીમાંસા'ની સંસ્કૃત પ્રસ્તાવના, (પૃ૦ ૨) સંપા૦ કે૦ સામ્બશિવશાસ્ત્રી, ત્રિવેન્દ્રમ્ સંસ્કૃત સીરીઝ, ત્રિવેન્દ્રમ્, ઈ૦ સ૦ ૧૯૩૪.

૫. History of Sanskrit Poetics - Dr. De; Vol-1 Firm K.L.M.P.L.T.D., Calcutta P-183. 1976.

૬. સંપૂર્ણાનન્દ વિશ્વવિદ્યાલય દ્વારા પ્રકાશિત સા૦ મી૦માં ★ ચિહ્નવાળો પાઠ યોગ્ય માન્યો છે. 'रसोज्झितम्' જ વિશેષ યોગ્ય જણાય છે, કારણ કે તો જ કારિકાની પ્રથમ પંક્તિનો સંદર્ભ બંધ બેસે.

૭. આ પાઠ અંગે સા૦ મી૦(સંપૂર્ણાનન્દ)માં આ પ્રમાણે પાદટીપમાં નોંધ છે. —

उट्टङ्कितः पाठः साधिष्ठः (१) एवत्तु न समीचीनम् ।

૮. તુલના કરો : द. रू. ૪/૩૪ સાથે - એ જ શબ્દો છે -

विरुद्धैरविरुद्धैर्वा भावैर्विच्छिद्यते न यः ।
आत्मभावं नयत्यन्यान्स स्थायी लवणाकरः ॥

द. रू. सं. ટી૦ વેંકટાચાર્ય, અડ્યાર લાઇબ્રેરી એન્ડ રિસર્ચ સેન્ટર, અડ્યાર, મદ્રાસ, ઈ૦ સ૦ ૧૯૬૯.

૯. સંપૂર્ણાનન્દ વિશ્વવિદ્યાલય દ્વારા પ્રકાશિત સા૦ મી૦માં આ પાઠને પાદટીપમાં સમ્માર્જિત કરીને આ પ્રમાણે મૂક્યો છે. — तथैवात्र हि मन्वते । (પૃ૦ ૭૦) પ્રસ્તુત પાઠ સ્વીકારી શકાય તેવો છે.

૧૦. 'વાક્યપદીયમાં' પણ આ ઉદ્ધરણ છે, સહેજ ફેરફાર સાથે

यथौषधिरसः सर्वे मधुन्याहितशक्तयः ।
अविभागेन वर्तन्ते संख्यां तां तादृशी विदुः ॥

- (૩/૩૮ પૃ૦ ૧૦૨, સંપૂર્ણાનન્દવાળી सा. मी. પૃ૦ ૭૦ પર ઉદ્ધૃત)

૧૧. સરખાવો :- द. रू. ૮/૬

विभावैरनुभावैश्च सात्त्विकैर्व्यभिचारिभिः ।
आनीयमानः स्वाद्यत्वं स्थायीभावो रसः स्मृतः ॥

સા૦ મી૦માં स्वादुत्वं પાઠ છે એટલો ભેદ છે.

૧૨. સા૦ મી૦માં શૃંગારાદિ રસોની ચર્ચા પણ કરવામાં આવી છે ( પૃ. ૫૧ ૫૨) પરંતુ અહીં રસસ્વરૂપની ચર્ચાનો ઉપક્રમ હોઈ આ અંગે નોંધ જ લેવામાં આવી છે.

૧૩. ડૉ૦ ગૌરીનાથશાસ્ત્રી સંપાદિત સા૦ મી૦માં 'अभिप्रेतात्र परमार्थो' - એવો પાઠ સૂચવવામાં આવ્યો છે. જુઓ સા૦ મી૦ સંપૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલય, વારાણસી, ઈ૦ સ૦ ૧૯૮૪, પૃ. ૧૦૭, પાદટીપ નં૦ ૨.

૧૪. अद्वितीयकक्ष्यावगाहि तात्पर्यं प्रथमम् । अतो विभावादिपदार्थसंसर्गप्रतीतिमतो वाक्यस्य तदविनाभूतरामादिरसलक्षणा द्वितीयकक्ष्या । - (सा. मी. पृ. ८५)

૧૫. यथा तात्पर्यमनुद्देश्यत्वात् प्रथमं पर्व विहाय द्वितीयमवगाहते, तथैतदपि परित्यज्य तृतीयमपि स्पृशेत् । सा. मी. पृ. ८५)

૧૬. अतः सामाजिकगतो रसः प्रतिपाद्यतयोद्देशविषः नो(पप ? त्पा)द्यतयेति सिद्धम् । किञ्च, न वाक्यस्य ज्ञप्त्युत्पत्त्योरेको व्यापारः, उद्देश्यमप्येकमिति च । अतो रसकाव्ययोर्भाव्यभावकत्वमपि निर्व्यूढम् ।

- ( सा. मी. સંપૂર્ણાનંદ, પૃ૦ ૧૦૧)

૧૭. પ્રસ્તુત પાઠ સંપૂર્ણાનંદવાળી सा. मी. માં પણ યથાવત્ છે. (પૃ. ૯૪). પાઠમાં ગરબડ લાગે છે. ખરેખર તો ભોજના સરસ્વતીકંઠાભરણ(સ૦ કં૦)ને આધારે આ પદ્ય મુકાયું છે :-

विशिष्टादृष्टजन्मायं जन्मिनामन्तरात्मसु ।<br>आत्मसम्यग्गुणोद्भूतेरेको हेतुः प्रकाशते ॥ (स. कं. ५/२)

૧૮. સા૦ મી૦ પૃ૦ ૯૪.

૧૯. उच्यते तान् प्रति. વગેરે પૃ૦ ૯૬.

૨૦. द. रू. ४/३४ પરની લઘુવૃત્તિ.

સંદર્ભગ્રંથો :


૧. ધનંજય-ધનિકકૃત દશરૂપક અને અવલોક, લઘુવૃત્તિ સાથે, સં૦ ટી૦ વેંકટાચાર્ય, અડ્યાર લાઇબ્રેરી એન્ડ રિસર્ચ સેન્ટર, મદ્રાસ, ઈ૦ સ૦ ૧૯૬૯.

૨. ભોજકૃત શૃંગારપ્રકાશ - સં૦ જોસ્યર અને જોસ્યર કોરોનેશન પ્રેસ, મૈસૂર, ઈ૦ સ૦ ૧૯૬૩.

૩. ભોજકૃત સરસ્વતીકંઠાભરણઃ (જગદ્ધરકૃત ટીકા સાથે) સં૦ - કેદારનાથ અને વાસુદેવશાસ્ત્રી. નિર્ણયસાગર મુંબઈ, ઈ૦ સ૦ ૧૯૩૪.

૪. રુય્યકકૃત અલંકારસર્વસ્વ, સં૦ - ડૉ૦ રેવાપ્રસાદ દ્વિવેદી, ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ ઑફિસ, વારાણસી. ઈ૦ સ૦ ૧૯૭૧.

૫. વ્યક્તિવિવેકવ્યાખ્યાન સં૦ ડૉ૦ રેવાપ્રસાદ દ્વિવેદી, ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ ઑફિસ, વારાણસી. ઈ૦ સ૦ ૧૯૬૪.

૬. સાહિત્યમીમાંસા - સં૦ કે. સામ્બશિવશાસ્ત્રી, ત્રિવેન્દ્રમ્ સંસ્કૃત સીરીઝ, ત્રિવેન્દ્રમ્ - ઈ૦ સ૦ ૧૯૩૪.

૭. સાહિત્યમીમાંસા - સં૦ શ્રી ગૌરીનાથશાસ્ત્રી, સંપૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલય, વારાણસી. ઈ૦ સ૦ ૧૯૮૪.

૮. વિદ્યાનાથકૃત પ્રતાપરુદ્રીય સં૦ એસ૦ ચન્દ્રશેખરશાસ્ત્રીગલ બાલમનોરમા પ્રેસ, મદ્રાસ, ઈ૦ સ૦ ૧૯૧૪.

૯. History of Sanskrit Poetics - Dr. De vol-1, Firm K. L. M. P. LTD. Calcutta p.183

1976.

૧૦. Bhoja's Sṛngāraprakāśa Dr. V. Raghvan, 7, Sri Krishnapuram Street, Madras, 1963.

૧૧. ભારતીય સાહિત્યશાસ્ત્રની વિચારપરંપરાઓ, - તપસ્વી નાન્દી, દ્વિતીય સંશોધિત આવૃત્તિ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ઈ૰ સ૰ ૧૯૮૪.

૧૨. અર્થાલંકારોની વિકાસયાત્રાના સંદર્ભમાં 'અલંકારસર્વસ્વ'કાર રુય્યક એક અધ્યયન - અપ્રકાશિત મહાનિબંધ, પારુલ માંકડ, ગુજરાત યુનિવર્સિટી, ઈ૰ સ૰ ૧૯૭૫.

१३. अग्निपुराणोक्तं काव्यालङ्कारशास्त्रम्, सं॰ डॉ॰ पारसनाथ द्विवेदी, संपूर्णानंद विश्वविद्यालय, वाराणसी, ई॰ स॰ १९८५.

# જૈન આચાર્યોને મતે કવિનું સ્વરૂપ અને પ્રકારો

અંબાલાલ પ્રજાપતિ

જે કાવ્યના રસાસ્વાદથી સહૃદયને અલૌકિક આનંદની અનુભૂતિ થાય છે, તે કાવ્યના રચયિતા અર્થાત્ કવિનું સ્વરૂપ શું છે ? તેની જિજ્ઞાસા સ્વાભાવિક છે. આ વિષયમાં અલંકારશાસ્ત્રીઓએ બે પ્રકારે વિચાર કરેલો છે. પ્રથમ કોટિમાં એવા અલંકારશાસ્ત્રીઓ આવે છે કે જેમણે કવિનું સ્વરૂપ સ્પષ્ટ રીતે કહ્યું છે. આવા આલંકારિકોમાં રાજશેખર, વિનયચંદ્રસૂરિ, વિજયવર્ણી, અજિતસેન વગેરેનો સમાવેશ થાય છે. બીજી કોટિમાં એવા આલંકારિકોનો સમાવેશ થાય છે કે જેમણે કાવ્યકારણવ્યાજથી કવિના સ્વરૂપનું વર્ણન કર્યું છે. તેમાં આચાર્ય ભામહ, દંડી, મમ્મટ, વાગ્ભટ-પ્રથમ, હેમચંદ્રનરેન્દ્રપ્રભસૂરિ, વાગ્ભટ-દ્વિતીય તેમ જ ભાવદેવસૂરિ વગેરેનો સમાવેશ થાય છે.

કાલક્રમની દૃષ્ટિએ વિચારીએ તો લગભગ બધા જ જૈન-આચાર્યો હેમચંદ્ર (વિ૦ સં. ૧૧૪૫થી ૧૨૨૯)ના અનુગામી છે. તેથી હેમચંદ્રના પુરોગામી આલંકારિકોનો કવિસ્વરૂપ વિચાર પૂર્વપ્રાપ્ત છે.

અલંકાર સંપ્રદાયના પ્રતિનિધિ આચાર્ય ભામહે કવિના સ્વરૂપનું સ્પષ્ટ નિરૂપણ ન કરતાં કાવ્ય-કારણના વ્યાજે તેનું કથન કરેલું છે. તેમણે લખ્યું છે કે, વ્યાકરણ, છંદ, અભિધાન (કોશ) અર્થ, ઈતિહાસની આશ્રિત કથાઓ, લોકવ્યવહાર, તર્કશાસ્ત્ર અને કલાઓનું કાવ્યની રચના કરનાર કવિએ મનન કરવું જોઈએ[1]. આ સંપૂર્ણ વિવેચન વ્યુત્પત્તિની અંતર્ગત આવે છે, તેથી જે વ્યક્તિને ઉપર્યુક્ત વિષયોનું જ્ઞાન હોય તે અભ્યાસના માધ્યમથી કવિતા કરી શકે છે, અર્થાત્ તે કવિ છે. રાજશેખરે 'कवृ वर्णने' ધાતુથી કવિની ઉત્પત્તિ માની છે, જેનો અર્થ થાય છે વર્ણનકર્તા અર્થાત્ જે વર્ણન કરે તે કવિ કહેવાય છે[2]. આ ઉપરાંત તેમણે અન્યત્ર લખ્યું છે કે પ્રતિભા અને વ્યુત્પત્તિથી યુક્ત હોય, તે કવિ કહેવાય છે[3]. આચાર્ય દંડીએ કાવ્યસંપત્તિનાં કારણોની ચર્ચા કરતાં કહ્યું છે કે, સ્વભાવોત્પન્ન પ્રતિભા, અત્યંત નિર્મલ શ્રુતાધ્યયન અને તેની યોજના કાવ્ય-સંપદા છે[4]. અર્થાત્ દંડી અનુસાર પ્રતિભા અને શ્રુતાભ્યાસ આ બંને કવિમાં હોવાં અનિવાર્ય છે. આચાર્ય મમ્મટે જોકે કવિના સંબંધમાં સ્પષ્ટ રૂપથી કંઈ લખ્યું નથી તોપણ કાવ્યકારણવ્યાજથી તેમણે કવિની યોગ્યતાનું કથન અવશ્ય કરેલું છે. તેમના મત પ્રમાણે સ્વાભાવિક પ્રતિભા (શક્તિ), લોક, શાસ્ત્ર તથા કાવ્યશાસ્ત્રના પર્યાલોચનથી ઉત્પન્ન નિપુણતા તેમ જ કાવ્યરચનાના જ્ઞાતા ગુરુના માર્ગદર્શન નીચે કાવ્યનિર્માણનો અભ્યાસ આ ત્રણ ગુણોથી યુક્ત વ્યક્તિ કાવ્યરચનાની યોગ્યતા ધરાવે છે[5]. અર્થાત્ તે કવિ પદનો અધિકારી છે.

ભૂમિકારૂપે હેમચંદ્રના પુરોગામી આચાર્યોના કવિસ્વરૂપનું નિરૂપણ કર્યા પછી હવે આપણે હેમચંદ્ર અને તેમના અનુગામી જૈન આચાર્યોના કવિસ્વરૂપની ચર્ચા કરીશું.

આચાર્ય હેમચંદ્રે પણ કાવ્યકારણવ્યાજથી પ્રતિભાને જ કવિની યોગ્યતા તરીકે સ્વીકારી છે[૬]. અર્થાત્ કવિ તે છે કે જે પ્રતિભાવાન હોય. તેના સમર્થનમાં તેમણે ભટ્ટતૌતના કાવ્યકૌતુકમાંથી ઉદ્ધરણ આપતાં લખ્યું છે કે, નવા નવા અર્થોનો ઉન્મેષ કરનારી વિશેષપ્રજ્ઞા તે પ્રતિભા છે અને તેનાથી અનુપ્રાણિત વર્ણન કરવામાં નિપુણ કવિ કહેવાય છે[૭]. આચાર્ય વાગ્ભટે (પ્રથમ) કવિના સ્વરૂપનું સ્પષ્ટતાથી વર્ણન કર્યું નથી તોપણ તેઓ કાવ્યકારણવ્યાજથી પ્રતિભાને જ કવિની યોગ્યતા તરીકે સ્વીકારે છે[૮]. આચાર્ય નરેન્દ્રપ્રભસૂરિ કાવ્યકારણવ્યાજથી કવિસ્વરૂપનું નિરૂપણ કરતાં કવિમાં પ્રતિભાની આવશ્યકતાનો સ્વીકાર કરે છે[૯]. તેના સમર્થનમાં તેમણે પણ ભટ્ટતૌતના કાવ્યકૌતુકમાંથી ઉક્ત ઉદ્ધરણ પ્રસ્તુત કરેલું છે[૧૦]. વિનયચંદ્રસૂરિએ કવિનું લક્ષણ કરતાં કહ્યું છે કે, શબ્દાર્થવાદી, તત્ત્વજ્ઞ, માધુર્ય, ઓજ આદિ ગુણોનો સાધક, દક્ષ, વાગ્મી, નવીન અર્થોનો ઉદ્યોતક, અર્થ અને વાક્યના દોષોનો જ્ઞાતા, ચિત્રકાર, કવિમાર્ગનું અનુસરણ કરનાર, અલંકાર અને રસનો જ્ઞાતા, બન્ધસૌષ્ઠવ તેમ જ ષડ્ભાષાઓના નિયમોમાં નિષ્ણાત, ષડ્દર્શનોનો જ્ઞાતા, નિત્યાભ્યાસી, લૌકિક વસ્તુઓનો જ્ઞાતા અને છંદશાસ્ત્રજ્ઞ કવિ કહેવાય છે[૧૧]. કવિના ઉપર્યુક્ત લક્ષણમાં વિનયચંદ્રસૂરિનું માનવું છે કે કવિએ સંપૂર્ણ વિષયોના જ્ઞાતા હોવું આવશ્યક છે, પછી તે લૌકિક હોય કે અલૌકિક, ગુણ હોય કે દોષ, રસ હોય કે અલંકાર, વ્યાકરણ હોય કે દર્શન. કવિના સ્વરૂપ વિશે આટલું સ્પષ્ટ અને વિસ્તૃત વર્ણન અન્યત્ર જોવા મળતું નથી.

આચાર્ય વિજયવર્ણીએ કવિસ્વરૂપનું નિરૂપણ કરતાં લખ્યું છે કે, પ્રતિભા-શક્તિસંપન્ન તથા વ્યુત્પત્તિ અને અભ્યાસથી યુક્ત અઢાર સ્થાનોનું વર્ણન કરવામાં નિપુણ વ્યક્તિ કવિ છે અથવા શક્તિ, નિપુણતા અને કવિ-શિક્ષા આ ત્રણેથી યુક્ત તથા રસભાવના પરિજ્ઞાનરૂપ ગુણોથી યુક્ત કવિ છે[૧૨]. આ રીતે વિજયવર્ણીએ કવિસ્વરૂપનું નિરૂપણ બે પ્રકારે કરેલું છે. પરંતુ તેમાં પહેલો પ્રકાર મહત્ત્વપૂર્ણ છે, કારણ કે તેમાં પ્રતિભા, વ્યુત્પત્તિ, અભ્યાસ અને અઢાર સ્થાનોના વર્ણનની વાત કરવામાં આવી છે. જો સૂક્ષ્મ દષ્ટિથી વિચાર કરવામાં આવે તો અઢાર સ્થાનોનું વર્ણન કરવાની નિપુણતાનો પ્રતિભામાં જ અંતર્ભાવ થઈ જાય છે. પરંતુ વિજયવર્ણી દ્વારા નિરૂપિત કવિસ્વરૂપમાં અઢાર સ્થાનોના વર્ણનની ચર્ચાનું આગવું મહત્ત્વ છે. તે અઢાર સ્થાનો કયાં છે ? તેનું વિવેચન કરતાં અજિતસેને લખ્યું છે કે, ચંદ્રોદય, સૂર્યોદય, મંત્ર, દૂતસંપ્રેષણ, જલક્રીડા, કુમારોદય, ઉદ્યાન, સમુદ્ર, નગર, ઋતુ, પર્વત, સુરત, યુદ્ધ, પ્રયાણ, મધુપાન, નાયક-નાયિકાની પદવી, વિયોગ અને વિવાહ. આ અઢાર વર્ણનીય વિષય કેટલાક લોકો માને છે[૧૩].

આચાર્ય અજિતસેને કવિસ્વરૂપનું નિરૂપણ કરતાં લખ્યું છે કે, પ્રતિભાશાલી, નાના પ્રકારનાં વર્ણનોમાં કુશળ, વ્યવહારમાં નિપુણ, ભિન્ન વિષયોના અધ્યયનથી કુશાગ્રબુદ્ધિ અને વ્યુત્પત્તિવાળો કવિ કહેવાય છે[૧૪]. અજિતસેનના આ કવિસ્વરૂપમાં માત્ર કાવ્ય-કારણોનો જ સમાવેશ છે. વાગ્ભટ-દ્વિતીય[૧૫] અને ભાવદેવસૂરિ[૧૬]એ પણ કાવ્ય-કારણના માધ્યમથી જ કવિના સ્વરૂપ કે તેની યોગ્યતાનું નિરૂપણ કરેલું છે.

ભિન્ન ભિન્ન આલંકારિકોએ કવિના સ્વરૂપ વિશે કરેલી ચર્ચાના નિષ્કર્ષરૂપે કહી શકાય કે

આચાર્ય વિનયચંદ્રસૂરિએ 'કાવ્યશિક્ષા'માં કવિના સ્વરૂપનું નિરૂપણ જેટલી સ્પષ્ટતા અને વ્યાપકતાથી કરેલું છે તેવું અન્યત્ર જોવા મળતું નથી. જોકે રાજશેખરે 'કાવ્યમીમાંસા'માં કવિસ્વરૂપના નિરૂપણનો ઉત્તમ પ્રયાસ કરેલો છે છતાં તે એટલો સ્પષ્ટ નથી.

ઉપર્યુક્ત તથ્યોથી એટલું તો સ્પષ્ટ થાય છે કે કવિને પ્રત્યેક વિષયનું સાંગોપાંગ જ્ઞાન હોવું જોઈએ, ત્યારે જ તે દરેક વિષય પર અધિકારપૂર્ણ રીતે કલમ ચલાવવામાં સમર્થ થઈ શકે છે. ઉપર જોયું તે પ્રમાણે કેટલાક આચાર્યોએ કવિનું સ્વરૂપ અથવા તેની યોગ્યતાનું વર્ણન કરેલું છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે કાવ્ય-કારણ એ બીજું કંઈ નથી પણ કવિના ગુણો અથવા તેની યોગ્યતાનું જ કથન છે. આમ કવિની યોગ્યતા, બુદ્ધિમત્તા અને પ્રતિભા પર જ કાવ્ય-સર્જન અવલંબિત છે, તેથી કાવ્યનિર્માણમાં કવિની યોગ્યતાનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે.

ઉપર પ્રમાણે કવિના સ્વરૂપની વિસ્તારથી ચર્ચા કર્યા પછી હવે આપણે આચાર્યોએ આપેલા કવિના પ્રકારોની ચર્ચા કરીશું. વિભિન્ન આચાર્યોએ પોતાની વિચારસરણીના આધારે કવિના પ્રકારો પ્રસ્તુત કરેલા છે, તેમાં રાજશેખર અગ્રણી છે. રાજશેખરે કવિના પ્રકારો આપવામાં નીચે પ્રમાણે ૬ આધારો સ્વીકારેલા છે : (૧) વિષયવિવેચન (૨) અવસ્થા (૩) કાવ્યકલાની ઉપાસના (૪) પ્રતિભા (૫) રચનાની મૌલિકતા અને (૬) અર્થાપહરણ.

(૧) વિષયવિવેચનના આધારે સર્વપ્રથમ ત્રણ પ્રકારો પાડેલા છે. શાસ્ત્રકવિ, કાવ્યકવિ અને ઉભયકવિ[૧૭]. શાસ્ત્રકવિના ત્રણ પ્રકાર છે — શાસ્ત્રોની રચના કરનાર, શાસ્ત્રમાં કાવ્યનો સમાવેશ કરનાર અને કાવ્યમાં શાસ્ત્રનો સમાવેશ કરનાર. કાવ્યકવિના આઠ પ્રકાર છે — રચનાકવિ, શબ્દકવિ, અર્થકવિ, અલંકારકવિ, ઉક્તિકવિ, રસકવિ, માર્ગકવિ અને શાસ્ત્રાર્થકવિ[૧૮].

(૨) અવસ્થાના આધારે કવિના દશ પ્રકારો પાડવામાં આવ્યા છે — કાવ્યવિદ્યાસ્નાતક, હૃદયકવિ, અન્યાપદેશી, સેવિતા, ઘટમાન, મહાકવિ, કવિરાજ, આવેશિક, અવિચ્છેદી અને સંક્રામયિતા[૧૯].

(૩) કાવ્યકલાની ઉપાસનાને આધારે ચાર પ્રકાર પાડેલા છે — અસૂર્યપશ્ય, નિષણ્ણ, દત્તાવસર અને પ્રાયોજનિક[૨૦].

(૪) પ્રતિભાના આધારે ત્રણ પ્રકારો આપેલા છે — સારસ્વત, આભ્યાસિક અને ઔપદેશિક[૨૧].

(૫) રચનાની મૌલિકતાને આધારે ચાર પ્રકારો પાડ્યા છે — ઉત્પાદક, પરિવર્તક, આચ્છાદક અને સંવર્ગક[૨૨].

(૬) અર્થાપહરણને આધારે પાંચ પ્રકારો છે — ભ્રામક, ચુંબક, કર્ષક, દ્રાવક અને ચિંતામણિ[૨૩].

આચાર્ય વિજયવર્ણીએ માત્ર કાવ્યકવિના પ્રકારો પર વિચાર કરેલો છે[૨૪]. તેમના મતે

કાવ્યકવિના સાત પ્રકારો છે — (૧) રોચિક, (૨) વાચિક, (૩) આર્થ, (૪) શિલ્પિક, (૫) માર્દવાનુગ, (૬) વિવેકી અને (૭) ભૂષણાર્થી. તેમનું સ્વરૂપ નીચે પ્રમાણે છે —

